પેરેબોલુ પંચી.

અંગ્રેજી ઉપરથી ભાષાંતર

કર્તા.

જીજીભાઈ ખરશેદજી કાપડયા.

મુંબઈ.

૧૮૮૫

કીંમત ચાર આના.

૨૩૨૦

પેટબોલુ પંચી

પ્રકરણ ૧ લું.

વેલનતાઇનનો જન્મ, તેની કેળવણી, તેના માબાપ, તેના બાંપનું કવખતનું મરણ.

ઇંગલાંડ મધે સફક પ્રાંતમાહેલા એક પ્રાચીન અને વસતીવાલાં શેહેરમાં જોનાથન વાક્ષ નામે એક ચાલાક પંડીત રહેતા હતો તે પંડીત ઝડપથી એક સારી પુંજી એકઠી કરવા દરેક ચીજમાં હાથ ઘાલતો, પણ તે કમ નસીબે કશામા ફાવી શકતા નહતો; કારણકે તે એક કામની પછવાડે ઝાઝો વાર ખંતીથી વલગી રહેતો ન હતો.

જ્યારે તે ૨૫) વરસની વએ પોહોંચ્યો ત્યારે મીસ પેનાલોપ લાંગ નાંમની એક જુવાન નાર ઉપર તેની મોહોબત દોડી. તે સ્ત્રીનો કાકો એટલો માતબર હતો કે ગોયા પઇસાની તેને ત્યાં તંકસાલ ચાલતી હતી. એ કાકા કાકી શીવાએ મીસ પેનીલોપનું બીજું કોઇ સગું નહતુ. તેણીની એ તમામ હકીકતની ખબર જોનાધનને પડી હતી; તેથી તે મીસ પેનીલોપને હાથ કરી રાખવાને તેના જીગરમાં કાલજી ઉત્પન થઇ; સબબ તે એવું સમજતો હતો કે અગર તેથી એક તવંગર નહીં થાય તોપણ તેણીના કુટુંબમાં દોલત એટલી હતી કે મોડે વેહેલે તે દોલત તેનીજ થવાની.

એવા વીચારથી જોનાધન આસ્તે આસ્તે મીસ પેનીલોપ સાથ વાત ચીતનો

વેહેવાર ચલાવવા લાગો. પેહેલવેહેલે હવા ઊપર વાત ચાલી, અને તે પછી સેંત જેમ્સના દેવલના પાદરીની શુભાપાન કરવાની ટેપ ઉપર ગપા મારયા કે જે બાબદમા બંધે ખબરદાર હોવાથી ઘણો લાંબો વખત નીકલી ગયો, અને સેવતે જયારે બંઘેને જુદાં પડવાનો વખત આવી પોહોંચ્યો ત્યારે તેઓ દહાપણ વાપરી છુટાં પડયાં. બીજી સાંહાંજરે ઠેડાવ પ્રમાંણે બંધે પાછાં મલ્યાં, એટલે જોનાથને પાછી કાંઇ ગોફતેગો ચાલુ કીધી અને એ રવેશે ઉલતથી તે કામ તેણે લગભગ ૧૫) વરરાવેર ચાલુ રાખ્યું; અને એમ એટલી લાંબી મુદતવેર ઢીલ કરવાનો સબબ એ હતો કે જોનાથન એક બનાવની રાહા જોતો હતો કે જે બનવાથી બંધે પછવાડેથી સુખ જોય. આકેબત છેક ૧૫

વરશ જેવી લાંબી મુદતે તેની ઉમેદ બર આવી ઇસ્આનેપેનીલાપે પોતે તેમના લગનની વાત છેડી કે જેથી તેણીના કાકા કાકીની હજુર સેતાબીથી તેમના નેકાહ બંધાયા; અને બાર મહીનાની સેવેતે તેમને એક પુતર અવતરીઓ કે જે ઉપર જોનાથન અતીશય મોહોબત કરતો હતો.

પઇસા તકાની બાબદમાં જોનાથન ઠીક નીવડયો નહી; તેનું કારણ આગલ કહયું તેમ એક કામ પાછલ બરાબર વલગી રહી પાર પાડવાનું તે સમજતો ન હતો; એટલુંજ નહી પણ તે મુરબ્બાઇથી નાની રકમના પઇસાને કુછ બીસાદમાં ગણતો નહતો. ૨૦૦) રૂપીઆ જેવી રકમની તે કાંઇ દરકાર કરતો નહીં. એવી રકમ તો પાછી લેવાની કાંઈ પણ આશા વગર બેધડક લોકોને વગર રસીત

ને ઉંછીકી આપતો. આ રીતથી તે હમેશ ગરીબી હાલતમાં રેહેતો. જેમ વધારે પઇસા તેના હાથમાં આવતા તેમ વધારે તે ખરચ કરતો અને અગમતાં એમ કરવાથી તે રજમાં ને કરજમાં ડુબેલો રેહેતો.

હવે જ્યારે જોહન કાકાએ તેનામાં એ રેવેશની ખરાબ ખાસીઅત જોઇ ત્યારે એવી કઢંગી ટેવ સુધારવાના અગત્યપણા વીશે તેને સમજાવ્યો, અને ખચીત તેના કેહેવાથી જોનાથન ઊપર સારી અસર થઇ. તે વખત પછી કોઇને પણ તે એક પાવલાં કે અરધો પણ ધીરતો ન હતો; ઇઆ કોઇની હુંડીઓ સ્વીકારતો ન હતો. પણ એ રવેશનો સુધારો ફકત એક માસ સુધી તેનામાં ચાલું રહયો; કારણ કે એ મુદતની અંદર તેના એક મીત્રને પઇસાની અગત્ય પડયાથી તેણે

જામીન થઇ કોઇ પાસથી તેને નાણાં અપાવ્યાં; પણ તે નાણાં તેના મીત્રથી ઇચ્છા પોતાથી પાછાં અદા કરી શકાયાં નહી એટલે તેને અને મીત્ર બંધેને જેલમાં જવાનો ફરજ પડી.

જોનાથનનો દીકરો વેલીનતાઇન કાંઇ એટલો મોટો ન હતો કે તે પોતાના પીતાને છોડાવી શકે; તોપણ આ વાતતો ખરીજછે કે આ વખતે તેણેજ પોતાના બાપને જેલમાંથી બાહાર કઢાવ્યો; સબબ, જોહન કાકાએ ફકત તે છોકરાને ખાતરજ અને તેનીજ મારફતે રૂપીઆ આપી જોનાથનનો છુટકો કીધો.

આ નામોસીથી જોનાથન ઉપર મજબુત અસર થઇ, કારણ કે હવે તે કોઇને પણ મદદ કરતો નહી, અને જો મદદ કરતો તો રોકડ

પઇસાનીજ કરતો; પણ કોઇ ખાતર કોઇને પણ સહી આપતો નહી.

એમ કરતાં જયારે વૅલેનતાઇન ૯ વરશની વયે પુગ્યો ત્યારે જોહન કાકાએ તેને હેનરી પાલ નામના એક પાદરી ઉસ્તાદના હાથ હેઠળ કેલવણી લેવા મુકયો. તે પાદરી ખચરવાળ હતો, અને તેની વરસ દહાડાની આવક રૂ૫૦૦) કરતાં વધું ન હતી. તેની નિશાળ ન્યુમારકીતની પડોસમાં હતી. તે ઉદાર મનનો પુરૂષ હતો, અને સદગુણની બાબદમા તે એટલો તો નેક હતો કે તે લુચ્ચાઇનું કામ જાતે તો કરતો ન હતો પણ કોઇને કાંઇ બુરૂં કામ કરતાં જોતો એટલે તે પોતાનું દીલ કચવાવતો હતો.

વૅલેનતાઇન તેની ઇશકોલમાં વરશ પાંચ રહયો એટલે કાંઇ દરીઆઇ તપાસ

કરવા જતાં તેનો બાપ દરીઆમાં ડુબ્યો, જેથી તેની માએના દુખ અને વીલાપનો કાંઈ પાર ન રહયો; અને તેણીના દુખમાં કાંઇક દીલાસો આવે એમાટે તેણીએ વેલેનતાઇનને ફ્રીશ્કાલેથી ઉઠાડી પોતાની આગલ ઘરમાં રાખ્યો.

બાપ વગરના વેલેનતાઇનને પણ અતીશાય ગમ લાગો ખરો; પણ તે ગમ વખત જતાં તે ભુલી ગયો. તેની માવતરને જોહન કાકાએ કાંઇક સાલીઆનું નક્કી આપતું કરયું હતું. તેમાંથી તેણીની વેલેનતાઇનને કાંઇક લવાજમ આપતી કે જે મલવાથી વેલેનતાઇન પોતાના મનને ભાવેતેમ ખાવાપીવા અને મોજ મારવા લાગો. એમ કરતાં બીજાં ૪ વરસ વહી ગયાં કેડે એક બનાવ એવો બન્યો કે જે જો ન બનતે તો વેલેનતાઇનની

જીન્દગીનો આ મનોરંજક તથા રમુજી ફારસો કદી પણ લખાતે ઇઆ વાંચવામાં આવતે નહી.

પ્રકરણ ૨ જું.

એક મોટા જાદુગરની અજાયબ મનશકિત તેનો હુનર શીખવાની વેલેનતાઇનમાં ઊલત.

વેલેનતાઇનની જન્મ ભુમીમાં એક વેલા શેહેર નેપલ્સના રાજાના પ્રખ્યાત જાદુગર તથા ચીન અને મહાચીનના શાહાનશાહને જાદુઇ હુનર દેખાડનાર ઉસ્તાદનું આવવું થયું. તેણે તાંહાં આવતાંજ આખાં શેહેરમાં એવું આશકારા કરયું કે તે શેહેરની જાણીતી બુલ નામની ધરમશાળામાં પોતાના જાદુઇ ખેલનો તમાશો કરનાર છે.

"હવે બુલ" એક એવું મહક હતું કે જાંહાં શેહેરના બડેખાં લોકો રાત દીન આવજાવ કરતા હતા. તે બડેખાંઓ મધે મી૦ આયરનસાઇદ નામનો એક શખસ તેમનો આગેવાન તથા તેઓ સાથ વગ ધરાવનાર પુરૂષ હતો. આયરનસાઇદ એક વરતમાન પત્રનો ઉપઅધિપતી તથા રીપોરટર હતો. તેનું મન પેલા જાદુગરે પોતાના હાથ-ચાલાકીના ખેલનાં દરશનથી હારી લીધું હતું. તે અધિપતી જાદુગર ઉપર એટલો પરસન તથા મેરબાન થઇ ગયો કે તેણે બીજી મદદ સાથ પોતાની ગાડી તે જાદુગરને વાપરવા આપી. એ રવેશની પોતા ઉપર વરસાવેલી મેરબાનીના અવેજમાં પેલા જાદુગરે પોતાનો ખેલ જોવા મરજી પડે એટલી વખત તથા

ચાહે એટલા ગ્રહસ્થોસાથ જવાની તેને એક ટીકીટ મોકલાવી હતી.

એમ કરતાં ખેલને માટે નેમેલા દીવસ આવી પોહોંચ્યો. ખેલ શરૂ થયો પણ જાદુગરના ગભરાતનો કાંઇ સુમાર નહીં રહ્યો. તે આદીઅન્સ તરફ પોતાની અચરત ભરેલી નજર ફેંકવા લાગ્યો. બેઠકો તમામ ખાલી. ગણે ગણે ને વિચાર કરે. આખાં આદીઅન્સમાં ૩૨) જન. વળી તે નાની સંખીયામા ૨૫) જન ખોદાબક્ષ. નાટક તમામ થવા પછી જાદુગરે પોતાના ખેલ ફરીથી એ બડખાં લોકોના આવજાવવાલી જગા ઉપર કરવાના વિચારી ને સદનતર હાંકી કાઢયો.

આ તેનો ઠરાવ જ્યારે આયરનસાહદને તેણે કહી જણાવ્યો ત્યારે તે ગ્રહસ્થે તેને તે

ઠરાવથી હાથ ઉઠાવવાને તેને ધીરજ આપી સમજાવ્યો. અને જણાવ્યું કે આવતો બુધવાર ગામમ રાયેતાની મોટી બજાર ભરવાનો દીવસ છે, અને તેટલા માટે આસપાસના ગરગામડેના નાના મોટા તમામ ખેડુતો તે દહાડે ગામમાં ભેગા થશે, અને વલી હું એક દીવસ આગમચથી છાપાને મંગલવારને દહાડેના મારાં વર્તમાન પત્રમાં તમારા ખેલ વીશે લંબાનથી સરાબત કરી ટીકા કરશ કે જેથી કરીને આદીદીઅન્સ એટલું ભરાશે કે કોઇને ઉભું રહેવાની પણ જગા મલશે નહી. મારકેત હીલ ઉપરનું 'કોનસર્ત હાઉસ' હું ભાડે લેવાની ગોઠવન કરીશ, અને એમ કરશું તો જરૂર કરીને આપણને નફો થયા વગર રહેશે નહીં.

"અને જે નફો થશે તે આપણે બંધે સરખે ભાગે વેંહેંચી લઇશું." સીનોઆર જનડુગર બોલ્યો.

સીનીઓરના આ ભરૂસા ભરેલા બોલ ઉપરથી મી૦ આયરનસાહેબે સરવે જરૂરીઆત જોગ ખરચ કીધો. તેણે નાટકના ઘરનું ભાડું પોતે આપ્યું. ગાંઠના ખરચે હેંડબીલ છપાવ્યાં તેમજ રસતે રસતે તથા ગલી ગુચીએ મોટા "પ્લેકારદ" ચોંતાડયા; અને મીનબતી તથા તેલની બતી વગેરેનો તમામ ખરચ અતિશય કરી મુકયો.

એમ કરતાં તેણે સરવે રવેશની તઇઆરી આગમચથી કરી મુકી. ગાંમની જાહેર બજાર મલવાનો દીવસ આવી પોહોંચ્યો. સાંજના કલાક ૭ નો અમલ પણ થયો. લોકોનો સારો મેલાવડો નાટકના ઘર આગલ જમાવ થયો. સીનીઓર સાહેબની ખુસીનો કાંઇ અંત ન રહયો. ગરદી તો જોઈજ લેવી. ગણતરીનો કાંઈ સુમાર નહી. આઠનો તકોડો વાગ્યો.

પરદો ઊઘડયો. ખેલ સહરૂ થયો. તે કલાક ત્રણ સુધી ચાલ્યો. આખા ખેલમાં એક ભાગથી લોકો ઘણુંજ હેરત પાંમ્યા; સીનીઓરની પેટ-માંથી સાદ કાઢવાની કલાએ લોકોને હેબતાવી મુકયાં. તેઓ તેનામાં કાંઈક દઈવીક શક્તિ છે એવું સમજયાં.

ખેલ પુરો થવા પછી સીનીઓર સરવે આવક લઈ પોતાનાં મુકામ ઉપર ગયો. તાંહાં તેને તુરત આયરનસાઈદ જઈ મલ્યો. "ઓ મેરબાન સાહેબ," સીનીઓર તેને જોઇ બોલ્યો, "હું તમારો સદાનો ઉપકારી થયો છઉં." "એમ ના બોલો, સીનીઓર," આ-યરનસાઈદ બોલ્યો "કેમ તમારી ખાતરી થઇ કે મેં તમને બરાબર કહ્યું હતું." સીનીઓરે જવાબ દીધો "પેલી તમારી જાહેર ખબર અને ટીકાથી આપણું કામ થઇ ગયું; અને

તે માટે તમારી સ્તુતી કરવાને મારી પાસ પુ-
રતા બોલ નથી. કેમ મેહેરબાન કાંઇ લેશો;
આજ રાતરે આપણે સાથે જમશું." જમન
પીરીશાયું. શરાબનાં ગલાસ પે-દર-પે ઉંચકાવા
લાગાં. આયરનસાહેબ ગતર દોસ્ત જેવા બની
ગયા. તે જોઇ સોનીઓર બોલ્યો "કેમ ભાઈ
આજની આપણી માહાભારત ફતેહની આવક
આપણે હમણાં વેહેંચી લઇએ કે સવારમાં?"
"જેમ તારી મરજી બચા," અધીપતી સાહેબ
બોલ્યા.

"મારે તો કોઇબી રીતે ભાર ઓછો
કરવો જોઇએ," સોનીઓર બોલ્યો; પણ
હું ધારૂંચ કે સવારમાંજ આપણે તેમ કરશું."

"તે પણ ઠીકછે," આયરનસાહેબ તાંણી
તોડીને બોલ્યો.

"સવારમાં કેટલા વાગે આવી શકશો."

"તારી મરજી પડે તે વખ્યત."

"કાલે બપોરમાં કલાક ૧૨ ને અમલે તમારાથી આવવાનું બનશે હું ધારૂંચ; વાસતે એટલા વખતમાં તમોએ જે કાંઇ ખરચ્યું હોય તેની તથા જે કાંઇ બીલ હજુર ચુકવવાનાં હોય તેની એક નોધ તમો સાથે લેઇ આવવાની તસદી લેજો. હું સરવે ચુકવી આપશ; એટલું-જ નહી પણ તમોએ વર્તમાન પત્રમાં જે સહરે અથવા ટીકા કરયા છે તેના ખરચ તરીકે ૨૨૫ તમને વધારે બોહોસ કરીને આપીશ."

"એક ફુતી બદામ પણ નહીં લેવાનો," આયરનસાઇદ બોલ્યો.

"પણ હું મારી જીકર છોડવાનો નથી," સીનીઓરે કહ્યું.

"તમે ગમે તે કરોની પણ સેવકતો એક કોડી, એક ફુટી કો—કો—ઓ—ડી પણ નહી લેવાનો."

"વારૂં હશે હું તમને અપમાન કરવાં નથી માંગતો. નહી લેશો તો બીજી રીત ઘણી છે. પણ ચાલો હવે જરા બીજો લેવો," સીનીઓરે કહયું.

પણ આયરનસાઇદ પીએ તે શું. પેટમાં એક ટીપાંની પણ જગા બાકાત હોત તો બીજાં બે ટીપાં પીતે પણ તે તો લોટપોટ બની ગાડામાં ઘર ગયો.

બીજે દહાડે આયરનસાઇદ ઘેરાયલો ઉઠયો. કલાક ૧૨ નો સુમાર થયો. સીનોરને મલવા ગયો. પણ તેનું મુકામ ખાલી જણાયું. સીનીઓર—આનતોનીઓ—હેસ્પેરીઓ— દ બેલામોનીઆક કેડે ગેપ થઇ ગયો. ગામ માહેલું કોઇ પણ તેનો પટો આપી શકયું નહી. તેવણ તો પોતાના જાદુઇ ઓજાર તથા પઇસા વગેરે ઊડાવી ચાલતી પકડી ગયા. નામનો કાંઇ પણ મુકી ગયા નહી. નાટકનું ભાડું

બતી વગેરેનો તમામ ખરચ આપણે આગલ વાંચ્યું તેમ એકલા આયરનસાહેબને માંઠે આવી પડયો. તે સરવે ખરચ સાથ છેલી રાતના જમણ દારૂ વગેરે ખાવાપીવાનો ખર-ચણો તેનેજ સર ચોંટયો. તે તમામ તેણે વગર બોલવે આપ્યો કારણ તે બીવો કે રખેને નાટકની બાબદનો પોતાનો સંબંધ લોકમાં આશકારા પામે; અને લોકો તેનીગમ આંગલી દેખાડે.

પ્રકરણ ૩ જું.

વેલનતાઈનની* હુનર શીખવામાં ચપલતા; તેને પેહેલો જાહેર દેખાવ. રાજદુવારી ગદર ઇન-સાફનું અજાયબ જેવું ઉઘાડું પડવું. ખુનામરકી ને હુલડનું નરમ પડવું.

જાદુગર સીનીઓરનો ખેલ જોવાને જે તમાશગીરો એકઠા થયા હતા તેઓમાં આપણો

વેલનતાઇન પણ હતો. તેણે તમામ ખેલ અતી-
શય ધ્યાનથી જોયો હતો. તે પેલા સીનીઓરની
પેટમાંથી બોલવાની શકિતથી વિસ્મય પામ્યો
હતો. અલબતાં એથી એના મન ઊપરતો એ-
ટલી અસર થઈ હતી કે વેનત્રીલોકવીસ્ત (પેટ-
માંથી બોલનાર) બનવાની તેની ખાહેસ્ત થઈ;
અને તેનાથી બની શકે એવું છે કે નહી તે
જાણવાને તે જાદુગરને બારવણે અરજ કરવા
નો ઠરાવ કીધો; પણ જ્યારે તેણે તે સીનોર
શાહેબની ગામમાંથી ગેબ થઇ જવાની ખબર
મલી ત્યારે તે વીચારમાં પડયો. પણ નીરાશ
ન બનતાં તે હુનર મેલવવાને તેણે પોતે કોશેશ
કીધી; અને સારાં ભાગ્યે તે કોશેશ કરતાં તેને
એવો સાર જણાયો કે પેટમાંથી બોલવાની શ-
ક્તિ તેનામાં જણાતી હતી, અને તે શક્તિને
વધારે ખીલવીઆથી ફાયદો થશે. તે દર રોજ

બામદાદમાં ઉડતો, બેનરમાં જતો, અને મો-
હોડું ઊઘલ્યા વગર પેટમાંથીજ સાદ કાઢવાનો
માહવરો પાડવાની કોશેશ કરતો; અને આખેરાત
તેમાં તે તદન ફતેહ પાંમ્યો.

એ રીત તજવીજ કરતાં તે વારંવાર અ-
જબ થતો; કારણ કે તેનામાં જે શક્તી હતી તે
તેના હાથમાં રહે એવી ન હતી અને તેથી જે
બાજુએ તે સાદ મોકલવા માંગતો હતો તેના
કરતાં કોઈ બીજીજ બાજુએ તે જતો. પોતે
આવી શક્તિ ધરાવતો હતો એ વીશેની ખાતરી
થવાથી તે કામ પછવાડે લાગવાને તે ખંતી
થયો અને ૬ મહીનાની અંદર તે શક્તીની
લગામ તદન તેના હાથમાં આવી.

હવે જે કોઈ તેને મલતા તેઓને તે
ચોંકાવી અચરતીમાં નાખતો. તે કોઈ શખ્સને
તેના નામથી હાક મારતો અને તે સાદ જાણે

મોહોલ્લાની સાંમેની બાજુથી આવતો હોય એવું કરતો હતો. જો રસ્તામાં તેની આગલ કોઈ સ્ત્રીઓ ચાલતી હોય તો પછવાડેથી "હર-ઓ.કુતરો" કરી બુમ પાડતો તથા તેવા કુતરા જેવો આવાજ કાહ્‌તો અને તેનીજ માફક હુબેહુબ રહતો હતો. જો કોઇ ખાલી ઘર આગલથી રાહાદારીઓ પશાર થતા તો ખુન, ખુન, ચોર, ચોર, કરી મોટેથી પોકાર કરતો; અને એવામાં જો લોકોની પાસે ઘરના દરવાજા ભંગાવવામાં ફતેહ પામતો તો અંદર જવા પછી ઓરડે ઓરડે સાદ નાખી તેમને હંફાવતો અને એ કામ તે એવી રીતે કરતો કે લોકો તે ઘરને "ચંડાલ ઘર" કહેતા અને તેને ભુત ડાકણનું મઠક સમજતા.

એક વખત ગીલદહાલ મધે તાંહાંના કમીશનરના મરણ બાદ તેની જગાપર કોઇ

બીજો ચુંટી કરવાને મોટી મીતીંગ થઇ કે જાંહાં હજારો લોકો મત આપવાને વાસ્તે આવ્યાં હતાં. તાંહાં લોકોની લાગણી અતીશય ઉશ્કેરાયલી હતી અને થોડા વખ્તમાં ઉમેદવારોના મીત્રોથી હાલ ખીચોખીચ ભરાઇ ગયો હતો. જેવો "મેમ્બર" ભેગા થયલાઓની નજદીક તે દીવસનાં કામકાજ વીશે બોલવાને શરૂ કરતો હતો એટલામાં વેલીનતાઇન તાંહાં દાખલ થયો; અને "મેમ્બર"ના માચરાની નજદીક જઇ ઉભો અને તાંહાં એકદમ પોતાનો ધંધો ચલાવવાને શહરૂ કીધો.

પેહલો બોલનાર મી૦ ફીદેલ હતો. તે એક ઘણોજ પાતલો અને મંડાયલાં નાંકવાલો ગ્રહસ્થ હતો. અને કોઇ મી૦ જોબ સ્તોન નામના સખ્સનું નામ આપવા આવ્યો હતો. તે બોલ્યો. "ગ્રહસ્થો".

"છટ, છટ," વેલેનતાઇન હાલની સાંમે-
ની બાજુએથી કોઇ બોલતું હોય તેમ અવાજ
ફેંકી બોલ્યો.

"ગ્રહસ્થો," મી૦ ક્રીદેલ ભાર મુકી
બોલ્યો.

"તોબાહ, તોબાહ" વેલેનતાઇન સાદ
બદલી બોલ્યો.

"છટ, છટ," કહો કે "તોબાહ તોબાહ"
પણ ગ્રહસ્થો, હું તમને ગ્રહસ્થ તરીકે કહું છું
અને માંગી લઊંછું કે મને બોલવામાં હરકત
કરવી નહીં.

મી૦ "તીબ્સની દરકાર ના કરો, ચાલવાદો
તમારૂં બોલવું." વેલેનતાઇન બોલ્યો.

"હું તીબ્સ છે, વાહુવા;" મી૦ ક્રીદેલ
ધીક્કારથી બોલ્યો. એ "મી૦ તીબ્સ છે, નહીં
વારૂં."

"ના હું નહીં," મી૦ તીબ્સ કે જે ઘણો આબરૂવાળો ગ્રહસ્થ હતો, અને પોતાની એકમારગુ અને સાદી રીતભાત માટે પ્રખ્યાત હતો તે બોલ્યો.

"મને મી૦ તીબ્સ વીશે ઘણી અજાયબી લાગેછે," મી૦ ક્રીદેલ બોલ્યો, "અત્યાર સુધી હું મી૦ તીબ્સને એક એવો પુરૂપ સમજતો હતો કે—"

"નહીં; નહીં," મી૦ તીબ્સે જવાબ દીધો, "હું કાંઈ બોલ્યો નથી."

"જો મી૦ તીબ્સ." મેયર બોલ્યો, "જો આ કોઇ બીજો ગ્રહસ્થ આ મંડળીમાં કાંઇ બોલવાની બાહેસ્ત કરતો હોય તો તેને તેમ કરવાની જલદીથી તક મલશે."

તીબ્સ—હું સોગંદ લઇ કહું છુ, કે હું કાંઈ બોલ્યો નથી.

આ વખતે "ચુપ, ચુપ," ના પોકાર ઉઠયા; અને મીo ફીદેલે પાછું બોલવા માંડયું;— ગ્રહસ્થો, બાહારની કાંઈ પણ બાબદ ધ્યાન ઉપર લીધા વગર મને મીo જાબસ્તોનનું નામ આપવાની મોટી ખુશી ઉપજે છે કે તે એક—

"રાજ ડુબારનાર પુરૂષછે," વેલેનતાઇન ગુચવાયલા અવાજે બોલ્યો.

"કેમ હવે બી હુંજકે," મીo ટીબ્સ ડોકું ધુણાવતો અને ખુશીથી મલકાતો બોલ્યો.

"હું જાણુંચ એ અવાજ કોણનો છે તે" મીo ફીદેલ બોલ્યો. "એ સાદ પેલા" કનઝરવેટીવ પક્ષવાલા મીo બ્રાઉનરીગનો છે હા, એ તેનોજ સાદ છે."

"શું?" મીo બ્રાઉનરીગ ઘણોજ તપી જઈ બોલ્યો.

"શું !" મી૦ ક્રીદેલ અણકરાથી બોલ્યો.

" એટલુંજ બોલ, બસ એટલુંજ બોલ કે એહું છું," મી૦ બ્રાઉન બોલ્યો.

મેમ્બર—મી૦ બ્રાઊનરીગ, આશા છે કે આ ઠેકાણે સારી મલુકાઈથી ચાલશો.

બ્રાઉનરીગ—એ શું બોલાય? મારૂંજ નામ શા ઊપરથી લેઓછો.

ક્રીદેલ—એ કાંઈ પેહેલીજ વખત એમ નથી બન્યું કે "કનઝરવેતીવ" પક્ષવાલાઓના બાંકાં ફુકવાની મતલબથી મી૦ બ્રાઊનરીગ આ-વી મંડલીમાં આવ્યોછે; પણ એ હવે વધારે—

બરાઊનરીગ—જીવની માફક સાચું કહું છું કે મેં કદી પણ મારા હોત ઊઘાડયા નથી. જો મેં ઉઘાડયાં હોય.—

"બસ બસ, આરદર, આરદર પ્રમુખ, પ્રમુખ"ના બાપોકાર ઊઠયા, જેથી બરાઊ-નરીગનું બોલવું કાંઈ સંભલાયું નહી."

મી૦ કીદિલ—ગ્રહસ્થો, જોકે ઘણીજ શરમ ભરેલી રીતે મને હરકત થાયછે તો પણ જેમ હું કહેવા જતો હતો તેમ મી૦ સ્તાનનું નામ તમો આગલ કહેવાને હું ઘણો જ ખુસી છું. મી૦ સ્તાન જેવો એક—"

વેસેનતાઇન એક સ્ત્રીનો અવાજ કાઢી વચમાં બોલી ઊઠયો. એક ગધો !—ના ના. એ નહીં જોઇએ એતો એક ખચરછે.

આ વખતે આખી મંડલી કચવાઇને બોલી "શરમ છે શરમ." પેલો ઉમેદવાર મી૦ સ્તાન કાંઈ જવાબ આપવા ઊઠયો. મેઅર સાહેબે પુલીસને બોલાવી. તે બોલ્યો "અમલદારો ! પેલી બેશરમ બુઢીયાને જલદીથી બાહેર કાઢો!" એ હુકમ સાંભલી કેટલાક સીપાઇઓ જે બાજુએથી અવાજ આવ્યો હતો તે તરફ ગયા પણ તાંહાં જોય શું કે કોઇ પણ બુઢી કે જુવાંન ઓરત હતી નહી.

પેલેનતાઇને ઓરડાના એક બીજા ભાગ તરફ પોતાનો અવાજ નાખીઓ અને "હુસ" કરી બોલ્યો, એટલે પેલા અમલદારે-દોડતા તે તરફ ગયા, અને રસ્તામાં જે કોઈ "ઇલેકતર" ઉભેલા હતા તેમને આચકા મારયા પણ તેઓ તે બાજુએ ગયા એટલે વલી કોઇ બુઢીઆ લોકોની ભીડની અંદર મોટે મોટે મશકેરી કરતી હતી. તેણીના સાદ ઉપર વલી સીપાઇઓ દોડયા અને કોઇબી સ્ત્રી પકડાઇ નહીં તેથી ઘણાજ ચીરડાઇ ગયા. વલી " ઉસ " કરીને કોઇનો સાદ તેઓને બીજા ભાગ ઉપર સંભલાયો. દોડતા કે સઘલા સીપાઇઓ તે તરફ ગયા. વલી તેઓના આચકાથી કેટલાક લોક તુટી પડયા અને અતીશય ગરબર થઇ રહી.

"બાહાર કાઢો એ બુધી ડાકણને" મેઅર ગુસ્સામાં આવી બોલ્યો.

પ્રકરણ ૪ થું.

વેલેનતાઇનનાં પુન. મીટીંગવાલા ઓરડામાં ઝપાઝપી અને લશકરની પધરામણી.

"કોણને કાઢીએ કોઇ કમઅખત હાથમ નહી આવતુની!" એક ખંધો જબરો સીપાઇ બોલ્યો. વલી કોઇ ખરખર હસ્યું; અને આ વખતના હસવામાં તો આખી મંડલીએ ભાગ લીધો. પેલા સીપાઇઓનાં ફોકટનાં દોર ધામ અને પછાડાથી લોકોમાં હસાહસ ચાલી રહી. "રે નીચ જીવડા," મેઅર બોલ્યો, "આ ઓરડામાંથી તારૂં કાલુ કેમ નહી કરતો"

"મને કોઇ છેરો ના!" વેલેનટાઇનિ બોલ્યો, "મને કોઇ છેરો ના, એટલે હું દપત પડીશ." એ બોલતાંજ જાણે કોઇ બેસુધ

થઇ પડતું હોય તેની ફીકીઆરી સંભલાઇ. હવે તો સીપાઇઓની ખાતરી થઇ કે બમ તે બુઘીઆ બેસુધ થઇ એટલે તે જરૂર પકડાવાની એ રીતે મુસતાક થઈ તે તરફ ધસારો કીધો પણ વલી ચાત બન્યા. આખરે મેઅર બોલ્યો, "મરવા દેવો રાંડને; મરવા દેવો," ત્યારે સીપાઇઓ નાખુશ દીલે જતા રહયા અને પાછું શાંત થઇ ગયું.

મી૦ ફીદેલ—દુશમનની નીચ ચુકતી—(નહી, નહી! અને માટે હાસહસ)—હું પાછું કહું છું અહરયો કે—

"તમે કોઈ મુરખા છો" વેલેનતાઇન, કાંઇ ઓર તરેહનો સાદ કાઢી બોલ્યો. આ સાંભલી વલી "હમ્બેક હમ્બેક, ખાંમોશ, ખાંમોશ"ના લોકોએ પોકાર કીધા.

મેઅર—હવે જો કોઈ હરખત કરશે તેને હું જરૂર પરહેજ કરીશ.

વેલેનતાઇન—તારી તાકાત નહી, ખુધા.

મેઅર—એ કોણ, એ કોણ બોલ્યું. હું તરત જાણવા માંગુછું કે એ એવો કોણ છે કે જે આ રવેશ કરવાની—"

વેલેનતાઇન—હીંમત કરેછે.

મેઅર—હીંમત કરેછે, હા હીંમત કરે છે. કોઇ શખ્સ એ ચંડાલને દેખાડી આપશે તેને હું રૂ૫૦ આપીશ. આ પલે "ઇલેકટરોએ" એકમેક તરફ તગોતગ જોયું અને સઘલા અજાયબીમાં ગીરફતાર થયા. મેઅર વલી ઉભો થયો, અને હવે આસતે સાદે બોલ્યો "ગ્રહસ્થો, ખચીત આ તદન શરમ ભરેલું છે. મારા આટલા અનુભવમાં આજના બનાવ સાથ જરાબી સરખાવા જેવું કોઈ કાલે કાંઇ બન્યું નથી. એ કોણ હશે!"

વેલેનતાઇન—જોનાથન સ્પ્રાલ. તેવણ પોતેછે.

મેમ્બર—અગરજો, તે–પણ નહી, નહી, મારી ખાતરી છે, મી૰ સ્પ્રાલ—.

જોનાથન—હું ખાતરીથી કહું છું. મે કાંઈબી હરકત કીધી નથી. હું સોગંદ લઈ કહુછું. જે કોઇ મારૂ નામ દેછે તે પોતે કોઇ ડીખતખોર છે. તે કાંઇ ગ્રહસ્થ જણાતો નથી; અને હું એ તેના મોહોંપર કહુછું.

મેમ્બર—અલબતાં મારી ખાતરી છે કે એ કામ તમારૂં નથી. પણ હવે આશા છે કે તમે લોકો આપણું કામ ચલાવા દેશો.

મી૰ ફીદેલ જે હજુર ખુરસી ઉપર જ હતો તે પાછો બોલવા ઉઠયો.

ફીદેલ—આ તકે કોઇનું દીલ દુખાય એવું હું બોલવા માંગતો નથી. પણ આટલું તો બોલવા દેશો કે કોઇ શખ્સની વર્તણુકથી મને ઘણી હેરત ઉપજે છે.

"મી૦ મેક્ષવેલની," વેલેનતાઇન આ વખતે બરાબર મી૦ ફ્રીદેલના જેવા સાદ કાઢી બોલ્યો.

"શું મારૂં નામ?" એક ઠીંગણો શખ્સ બોલ્યો. "હું મારો બચાવ કરવાને તમો લોકો પાસેથી માગી લઉછું. મી૦ ફ્રીદેલ મારૂ નામ ભુલથી જણાવેછે. (સાબાસ) હું તેને તેનું બોલવુ પાછું ખેચવા કહુંછું. (સાબાસ મેક્ષ-વેલ!) જે કાંઈ મારે કહેવું છે તે એજ કે હું—"

"તું એક ગવેડો છે, બેસીજા મુંગોમુ ગો," મેક્ષવેલની બરાબર પછવાડે અવાજ નાંખી વેલેનતાઇન બોલ્યો.

આ ઉપરથી મેક્ષવેલ અતીશય ઉસકે-રાઇ ગયો. તે ફફરતો ચતકતો પોતાની પછવાડે ઉભેલા એક શખ્સ તરફ ધસ્યો. તેની ઉપર તે ખરેજ શક લઇ ગયો. તે તેને ઓળખતો હતો,

તેનું નામ એબ્રાહમ બુલ કરી હતું. તેણે તેને ગરચીમાંથી પકડયો. પાસે ઉભેલા લોકોએ ખુલ્લે ખુલ્લુ જાહેર કીધું કે મી૦ બુલ તદન બેગુનાહ હતો, પણ તેણે તેમનું માન્યું નહીં. અંતે સીપાઈઓ તેને ઉંચકીને બાહેર મોહલ્લામાં મુકી આવ્યા.

હવે મેઅર સમજયો કે આથી કરીને લોકો ઊપર સારી અસર થશે. તે બોલ્યો કે આવા ફેજથી કોઈબી શખ્સ ફરીથી હરકત કરવાની હીંમત કરશે નહીં. તેણે મી૦ કીદલને આગલ બોલવાને હાથવડે ઇસારત કીધી, એટલે તે ગ્રહસ્થ ફરીથી બોલવાને વાસતે ઉભો થયો. તે બોલ્યો, "ગ્રહસ્થો, ન બોલી શકાય એવી કોઈ શખ્સની—"

"બ્લેરની!" વેલિનતાઇન બોલ્યો.

"ચુપ" મેઅરે ચીરડાઈને એટલા જો-

રથી પગ અફાડયો કે આખો માંચરો ધ્રુજી નીકળ્યો.

કીદેલ—ઇંગલાંડની નજર, નહીં એટલુંજ નહી પણ આખાં યુરોપની નજર—"

વેલેનતાઇન—એશીઆ, આફ્રીકા, અમેરીકાની નજર.

કીદેલ—તમો ઊપર છે. અને હું કહેવાને શકિતવાન છું કે કાંઇબી વધારે—

"હસવા જેવું," વેલેનતાઇન એક પ્લમબર જે નજદીકમાં ઉભેલો હતો તેનો સાદ કાઢી બોલ્યો.

મેમ્બર—તોબાહ ખોદા ! આ કેવો હીનપસ્તી ભરેલો દેખાવ આપણામાં બનતો જોઇએ છીએ. હું પુછુંછું કે કોઇ મને મલતા થશો ? ("અલબત, અલબત"ના મોટા પોકાર.) ત્યારે હું તમને મોટેથી, હીંમતથી, ભાર સુ-

કીને, અને વલી જેટલી મારામાં ચાલાકી છે તે સઘલી ચાલાકીથી માંગી લઊંછું કે તેમ કરો. ("અમે કરશું, અમે કરશું!" "તોરી પક્ષવાલાઓ ધુલમાં રોલવો.")

એ રવેશે આટલા સુધી કામ ચાલવા પછી મેમ્બર સાહેબે મી૦ કીદેલને જણાવ્યું કે જો આવોજ મામલો ચાલુ રહેશે તો કામ હવે અટકાવાની ફરજ પડશે; અને મી૦ કી-દેલને તેનું બોલવું વાજબી જણાયાથી લોકોના ભારે ગોઘાટની વચે પોતાના ભાષાનનું સેવટ નીચલા શબ્દમાં આણ્યું—"ગ્રહસ્થો, મારૂં બોલેલું સાંભલવાને ઇચ્છતા નથી તો હું ટુકમાં મારા મિત્ર મી૦ સ્તોનનું નામ તમો નજદીક મુકવાને માંગી લઊં છું. એક કમીશનર તરીકે મી૦ સ્તોનની બરોબરીઓ મલવો મુશકેલ છે.

એ સખુનો નીકલતાંવાર "લીબરલ *" તાલી વાલાઓએ પોતાની ખુશાલી જણાવી; અને તેમની વિરૂધની "તોરી"* પક્ષ વાલાઓએ "હીસ હીસ" કરી મુકયું.

ત્યાર પછી મી૦ મેક આયરલીંગ કોઈ મી૦ સ્લેબનું નામ આપવા ઉઠયો. મી૦ સ્લેબ "તારી" પક્ષવાલો હતો; પણ આયરલીંગ જેવો સ્લેબ વિશે કાંઇ બોલવા જતા હતો તે વાજ વેલિનતાઇન બોલ્યો, "હવે ચાલો આપણે એનો બદલો મેલવીએ, હવે આપણે કીનો લેવો જોઇએ."

"ગ્રહસ્થો." મી૦ મેક આયરલીંગ બોલ્યો.

"જો તમો ખરા ઇનસાન હોવોતો હવેથી

---

* ઇંગ્રેજી પારલામેંટ (રાજય સભા) નાં બે તડાં માહિલું એક છે.

કોઇપણ ચકડોલ 'લીબરલ'ને બોલાવા દેવો ના!" વેલેનતાઇન બોલ્યો; એટલું સાંભલતાંજ "લીબરલ" તાલી વાલાઓએ મી૦ આયરલીંગ ઉપર પોતાનો ઉભરો ઉતારયો, કારણ કે તેઓ એવું સમજતા હતા કે તે મીટીંગમાં જે તોફાન મચ્યું હતું તે સઘલું "તારી" વાલાઓએ કરયું હતું.

"ગ્રહસ્થો—ગ્રહસ્થો—ગ્રહસ્થો!" મેઅર અચકી અચકી બોલ્યો, "હું તમને તાકીદ કરૂંછું કે મારૂં સાંભલો. હું તમને બજીજ થઇ કહુંછું કે હવે ચુપ રહો (આરદર, આરદર! પ્રમુખ, પ્રમુખ!) ખોદા ખાતર દુન્યામાં એવું ના આશકારા થવા દો કે આ જેવાં સુધરેલાં વિદ્યા તેમજ કળા કઉશલવાલાં શેહેરમાંહેલાં લોકો ઝનુની, બુબખ, મુર્ખ, અને ઘેલાં છે. (સાબાશીના પોકાર.) શું હું કાંઇજ ખી-

સાદમાં ગણાતો નથી કે? ("સાંભળો ભાઇઓ સાંભળો" ના પોકાર.) જો આ મીટીંગમાં જે હું પેહેલી ખુરશી ઊપર બેઠોછું તેના દરજ્જાનો મોભો કોઇપી રવેશે જાલવવાનો કસદ મેં કીધો ન હોત તો આજ પલે એ મંડલી હું બરખાસ્ત કરયામાં લાવતે. અગર હું હમણાં બરખાસ્ત કરૂં તો કોઇ પણ એવું ગુમાન લઇ જયા વગર રેહે નહી કે મેઅર લુચ્ચાઓના ફેસાદથી બીહીને ચોંકયો ઇઆ ગભરાયો છે. ઇનસાફ, ફક્ત ઇનસાફની નોક ખાતર જો આપણે આગલ કામ ચલાવવા માંગીએ તો તેમાં હવેથી હરકટ થવી જોઇએ નહી.

મેઅરના આ સુભાષિત બોલવાથી લોકોમાં તહરાસ બેઠો અને આખી મીટીંગમાં ચુપકીદી પંથરાઇ. મી૦ મેક આગરલીંગ પાછો ઉઠયો, અને બોલ્યો "હું આશા રાખુછું કે મારી વર્તણુક સર્વેને પસંદ પડે એવી છે."

"માત્ર "તોરી" પક્ષ વાલાઓનેજ તે પસંદ છે !" વેલનતાઇન બોલ્યો.

"અરે બોહો !" મેઅર હાથમાં હાથ ભેરવી ઘાંટો ટાંણી બોલ્યો—"હવે હું ખચીત કહું છું કે જે કોઇ એક શબ્દ પણ વચમાં બોલશે તેને પુલીસના હાથમાં આપીશ."

વેલનતાઇને આ વખત આપે ઓરડે "હે ! હે ! હે ! જવાદે" ના પોકાર નાખ્યા. તે સાંભલી મેઅર સાહેબના દીલમાં જાણે વિજલીનો આચકો આવ્યો હોય તેમ તે ચોંકીને બોલ્યો "એમજ છેની, લેવો ત્યારે અંમલદારો તમે તમારી ફરજ બજાવો."

ફોકટમાં સીપાઇઓ ઓરડાની વચોવચમાં બદમાશોને પકડવાના હેતુથી આવી ઉભા. હસવાના મોટા અવાજો તો નીકલ્યા કીધા; અને જાંહાં જાંહાં તેઓ જઇ ઉભા રહે તાંહાં

તાંહાં તેમની પીઠ પછવાડેથી તે નિકલે. તેઓ બીચારા આણીગમથી પેલી ગમ દોર ધામ્ કરતા કંટાલી ગયા. તેઓ એટલાતો થાકી ગયા કે તેઓનાં મોંહ ઉપરથી પરસેવાના રેલા ટપકતા હતા. તેઓ પગ અફાલતા, હાથ હાલવતા, મુક્કી ગુમાવતા, અને પોતાની પાસે ઉભેલાઓ તરફ ગુસ્સાની નજરથી જોતા હતા. થોડેક વારે પાછી હસાહસનો સોહોર ઉઠયો, અને મેઅર સાહેબે તેમને ફરીથી તાકીદ કરી એટલે વલી બીચારા ધકકા મુકકી તથા હારમારમાં પડયા. આકેબત છેવપર આવી જઇને તેઓએ કોઇને પણ પકડી કાઢવાનો ખુલ્લો ઠરાવ કરયો; અને કોઇ મી૦ લીમ નામનો એક આબરૂદાર પદરખાણાવાલો તેમના ગુસ્સાના સપાટામાં આવી ગયો. તે બીચારો સીપાઇઓ જે હાલા ધકેલામાં પડયા હતા

તેથી રમુજ મેલવતો અને હસતો માલમ પડયો હતો. મી૦ લીમે પોતાનું નિરદોષપણું જણાવ્યું; પણ તે ફોકટ! બસ તેઓએ તેને હસતાં પકડયો હતો; અને તેટલાજ મુદા ઉપર થી તેઓએ તેને દરવાજાની બાહાર ઘસડી લઇ જવાને તેની ઉપર જોર વાપડયું.

એંચાએચીમાં મી૦ લીમનાં કપરાંના ટુકરે ટુકરા થયા હતા. લીમ ઓરડા બાહાર ખુશીથી જતે પણ "લીબરલ" ટોલીવાલાઓએ તેમ કરવા દીધું નહી. તેઓ તેની મદદે દોડયા; અને આગમાં તેલ રેડવા વેલિનતાઇને એક અવાજે "લીબરલોને બાહાર કાઢો" અને વલી બીજા સાદે "કનઝરવેતીવોને મારો લાત" કરી પોકાર મચાવ્યા; જેથી ત્યાં ફટોફટ મુક્કી તેમજ લાકડી વગેરેના સપાટા ઝપોઝપ ચાલવા લાગા, અને થોડા વખતમાં ત્યાં

એક મોટું રમખાન મચી રહયું. મેઅરતો એક ઊંચી તેબલ ઉપર ચઢીને લોકોને વારવા લાગો.

ગરીબ બીચારા વેલિનતાઇનના અવાજ ની હવે વધારે જરૂર રહી નહી. તેની મદદ વગર *'ઇલિકટરો'એ ભારે સોહોર કરી મુકયો હતો. તે હવે એક ઉંચા માચરા ઉપર ચઢી ઊભો એટલા માટે કે લોકોની મારામારી તથા કચરાકચરીમાંથી સહી સલામત રહે અને કે તાંહાંથી સધલો દેખાવ પોતાના જોવામાં લાવી મનને રમુજ આપે. હંવે પેહેલીજ વેલા તેને જણાયું કે લોકો ફકત રાજદ્વારી બાબદ ઉપર જુદી જુદી ટોલીમાં વેહેંચાઇ જઇ પોતાનું કામ તકરારની હદમાં રાખવાને બદલે હાથો હાથ ઝપાઝપી ઉપર આવી ગયા હતા. મુ-

* ચુંટણી કરનારા.

કડીના જખમ કોઇ દુશમન ઉપર લગાવવાની
મતલબથી ઉંચકાતા હતા એટલુંજ નહી પણ
પોતાના બચાવ ખાતર જાંહાં પડે તાંહાં અ-
જમાવવામાં આવતા હતા. તેને ઘણી રમુજ મલે
એવું એ જોયું કે એક જગા ઉપર કેટલાક દેફ-
શીઓનો જમાવ થયો હતો. તેઓ બીચારા પો-
તાની મોટી દુમને લીધે એકેક સાથ જેમ બને
તેમ સંકોચાઇને ઉભા હતા. બીજી ગમ લોકો
ખુનપર આવી લડતા હતા. કોઇના નાકનું
ઠેકાણું નહી, તો કોઇની આંખ, તો કોઇના દાંત
ગેપ હતા. કોઇની દહાડીના બાલ એક ગમથી
ઉખડી ગયલા તો કોઇનું મોંહ લોહીથી
લાલ રંગેલું દેખાતું હતું. કોઇ ધુલમાં પડી
પોતાનાં બચાવમાં જે કોઇ નજદીક આવતુ
તેને ઉંચા રાખેલા પગથી લાત લગાવતા હતા.
કોઇ ખુનપર આવી સોહાર કરતા તો કોઇ રડા

પીત અને દુખના પોકાર મારતા. જેઓથી ઉઠાઇ નહીં શકાતું હતું તેઓ ગબડતા, લાત ફેંકતા, અને પડયા પડયા બરાડા મારતા હતા. કેટલાક લોકો જેઓ બાહાર નીકલવાને શકિતવાન થયા હતા તેઓ લશકરી મઠક તરફ દોડી ગયા, અને સનાવાલાઓને ખબર આપી. તાંહાંથી તાબરતોબ ઘોડે સ્વારોની એક ટુકરી એક માજીસ્ત્રેત સાથ ઉપલી તોફાનવાલી જગા ઉપર આવી લાગી. હવે પેલા હાલના દરવાજા મજબુત બંધ હતા. માહેલા તોફાનીઆઓ તેમજ બાહેરના લોકોને સુજ પડે નહી કે તે કેમ ઊઘાડવા. મી૦ આલ્દરેદ જે પેલા માજીસ્ત્રેતનું નામ હતું તેણે બાદશાહના નામમાં દરવાજા ભાંજવાને હુકમ આપ્યો. તેણે લશકરને અંદર દાખલ થવા કહ્યું; પણ મી૦ કોપલેન્દ જે પેલી ટુકરીનો વડો હતો તેને એક

ઘરમાં લશકર લઇ જવાનું ઠીક લાગું નહી તેથી તે પોતે પોતાની સાથ ત્રણ સીપાઈઓને લઈ અંદર ગયો. દરવાજા આગલ જે લોકો ઊભા હતા તે શીવાય કોઇની નજર તમની ઉપર પડી નહી. તોફાનીઆઓની નજર પોતાના બચાવમાં પોતાના હરીફો ઉપર ચોકાસીથી રાખેલી હતી. પેલા સરદારે રંનસીંગડું ફુક-વાને હુકમ કીધો કે જેના અવાજથી લોકો ઉપર જોઈતી અસર થઇ.

"છોડો, તમારી બંદુક છોડો સીપાઇ-ઓ," આલદરેદ માજીસ્ત્રેત બોલ્યો.

પેલા બહાદુર અમલદારને હસવું આવ્યું અને તેના હાથ હેઠલના સીપાઈઓ પણ એકેક તરફ આંખના પલકારા મારી પેલા આકરા માજીસ્ત્રેતની હસી કરતા હતા.

"અરે ખોદા," માજીસ્ત્રેત બોલ્યો,

"કેમ સીપાઇઓ તમે સાથી બીહિછો? બાદશાહનાં નામમાં હું તમને ફરીથી હુકમ કરૂછું કે આ બલવાઓરોને ઠાર કરો!"

કોપલેન્દે પોતા ઉપર દરેકની નજર પડેલી જયારે જોઇ ત્યારે તેણે પોતાની ચકચકીત સમશીર ધમકી દેખાડવાને સારૂ હવામાં ફેરવી અને પછી દરવાજા તરફ તેની અણી કરી લોકોને બાહાર નિકલવા ચેતાવ્યું; જેથી લોકો સેતાબીથી તે જગા છોડી ગયા અને પાંચ મીનીતમાં ઓરડો તમામ ખાલી થઇ ગયો.

તમામ ફેસાદ ખલાસ થયા પછી એક લશકરી દરબાર ભરવામાં આવી કે જાંહાં પેલી લશકરી ટુકરીના જમાદાર કોપલેન્દની તપાસ ચાલી. તેની સામે પેલા આકરા સ્વભાવના આલદરેદે વાંક સાબેત કરવાને કાંઇ કરવામાં

બાકી રાખ્યું નહી, પણ કોરતે તે જમાદારની તરફેનમાં એવો ચુકાદો કરયો કે બલવાખોરો ઊપર વધારે ચાંપતા ઉપાય લેવાની કાંઇ ગરજ હતી નહી. એ પછી દરબાર બરખાસ્ત થઇ. કેવા વેલેનતાઇનના પ્રતાપ! (સાંધણ.)

પ્રકરણ ૫ મું.

માવતરની કાલજી—ખુશી જોહન કાકાનો ગભરાત—એક કન્યાની દામાનને દાગ.

પેહેલે સપાટે લોકોમાં જાહેર દેખાવ કેવો અસરકારક અને ફતેહમંદ નીકલ્યો તે જાણી વેલેનતાઇનને અતિશય હરખ ઊપજ્યો. તે ઘર ગયો અને તાંહાં પેલા હાલમાંહેલા સીપાઇઓની ધરપકડ તથા લોકોની દોરાદોર મજ ઝુમના અવાજ કરવા લાગો જેથી તેની

માવતર ચોકી અને તેના દીલમાં આવેલુ કે એવું સમજી. તેણીની પોતાના પેદર આગલ ગઈ અને રડતી રડતી તેને જણાવ્યું કે. વેલેનતાઇને જાંહાંછે તાંહાં ધતુરો આપ્યા છે, જોહાન કાકાએ તેને થંડો પાડો વેલેનતાઇન ને પોતાની નજદીક બોલાવ્યો, અને ધમકાવીને પુછ્યું કે આ સર્વ ફેસાદની મતલબ શુ?

"કોંઆ ફેસાદ કાકાજી?" વેલેનતાઇન બોલ્યો.

"કીઆ ફેસાદ!" જોહન કાકા બોલ્યો, "કાં એ બધું; એ બધી તારી ચાલ! અજતો!"

"કેઈ ચાલ?" વેલેનતાઇન થંડે કલેજે બોલ્યો.

"કેહી ચાલ?" જોહને કહ્યું, "કેમ શું કાંઇ દેવાનો થયો છે કે?"

"દેવાનો શાનો?" વેલેનતાઇન બોલ્યો.

"કોણ કહેછે કે હું દેવાનો છું. આપણે તો કાંઇ જાણતા નથી."

"તું તો કાંઇ જાણતો નથી?" જોહાન બોલ્યો, "આ શું, તારી માવતર શું કહે છે. ઘરમાં સોહાર ને પોકાર શાનો કરી મુકેછે? ધ્યાન રાખજે ફરી એવું કરીને તેણીને દુખ લગાડશે તો 'બેદ હાઉસમાં' નખાવીશ. કમબખ્તી આવીછે કે? તું આખો દહાડો ગઇ કાલે કાંહાં કહરાયો હતો? શું કામમાં રોકાયો હતો?"

"હું તો મીતીંગમાં ગયો હતો."

"મીતીંગમાં? કાં, મીતીંગમાં શું કામ હતું?

"નહી કાકાજી, એટલા ગુસ્સે ના થાવો. હું તમને સઘલું ખરેખરું કહી દઇશ."

"ગુસ્સો કરૂં! ગુસ્સો શાને માટે?"

જોહન બોલ્યો, "કેહેની. તું શું કહેવા માંગે છે."

આ તકે વેલેનતાઇને પોતાનો આગલા દીવસનો હેવાલ વિગતવાર તમામ કહી સંભલાવ્યો. જે સાંભળતી વખત જોહન કાકા કલેજું ધરીને હસતા હતા; અને જ્યારે ખમાતું ન હતું ત્યારે "બસ બસ" કરી બોલતા હતા. પણ વેલેનતાઇન કાંઇ અચકતો નહીં. હસતાં હસતાં જ્યારે જોહન કાકા ઘણુજ થાકી ગયા ત્યારે બોલ્યો "બસ કર? ઝબાનને ખામોશી આપ, નાનકરા લુચ્ચા! બસ કર હવે. આ કેવું તેં લુચાઇનું કામ કીધું છે? શું તને એવું કામ કરતાં જરા આચકો નહીં લાગ્યો? જા નીકલ અહીંથી, અને ખબરદાર જો ફરીથી એમ કીધુંચ તો?"

કાકાનો હુકમ સાંભલી વેલેનતાઇન ઓર-

ડાની બાહાર નીકળ્યો. નીકળ્યો ખરો પણ તે માત્ર બીચારી હાણાને રાંધણીમાં તોબા પડાવ્યા. રાંધણીમાં તે પગ શું મુકે કે એક ગર માના નાં નાનકરાં બાલકનો એક જુની પેટીમાંથી જારબેજાર રડવાનો પોકાર નીકળવા માંડયો. બીચારી હાણા તો ડંગ થઇ જોયાજ કરે, અને વેલેનતાઇન તેણીને ઉલટો દંમ કરે એટલે તે બીચારી આકરી ગાભરી પેટી ખોલે; અંદર નાહી તો નીચે હશે; નાહી તો પેટી પછવાડે હશે; જોય જોય ને નીરાશ. એક ગમ જાય કે બીજી ગમથી અવાજ નીકલે; તે જોઇ તે ગભરાઇ અને રાંધણીમાંથી બાહાર નીકલી પડી; કારણ તે સમજી કે બબરચીખાણામાં કાંઇ ભુતનો ચારોછે.

નીચે એ રવેશે હાણાનો ગભરાત મચ્યા રહયો હતો ત્યારે વેલેનતાઇનની મા

તેણીના બાપ સાથ વેલિનતાઇનને ફેરે મોકલી દેવાને કાંઇ મનસુબો ચલાવતી હતી. તેઓએ તેને મી૦ ગુદમેન નામના એક મીત્રને ઘર લંડનમાં મોકલવાનો ઠરાવ કરયો, અને મુસાફરી નો બધા તઇયારી કીધી. વેલિનતાઇનને એ વાત જણાવી. તે સાંભલી તે અતીશય ખુશી થયો.

બીજે દહાડે વેલિનતાઇન અને મીસીસ વોક્ષ કપડાં પેક કરવામાં રોકાયાં જયારે જો-હન કાકા મી૦ ગુદમેન ઉપર પત્ર લખવા બેઠો. તે રાત્રે વેલિનતાઇનને ઉંઘ આવી નહી; તેનું બધું ધીઆન મુસાફરી અને તેની મજાહ ઉપર લાગેલું હતું. બામદાદમાં ૪ વાગે તે ઉઠયો. ઉપરવાના વખતને દોહોડ કલાક બાકી રહયો. જોહન કાકા વેલેનતાઇનને જોવા આવ્યો તેનો એવો વિચાર હતો કે જો વેલિનતાઇનની તબી અત મુસાફરીને લાયક હોય તોજ તેને મોક-

લવો નહીં તો હાલતુરતતો મોકુફ રાખવું. નાસ્તો તઇયાર થયો. વેલેનતાઇનને કે મીસીસ વાક્ષને કાંઇ ખાવા ગમ્યું નહી. ગાડીનો વખત થયો. વેલેનતાઇન પોતાની માવતરને ભેટી કાકા સાથ બાહેર નીકલ્યો. મીસીસ વોક્ષ કોઇ જાણે નહી તેમ કપડાં અને તોપી પેહેરી એક ગલીને નાંકે ઉભી કે જાંહાંથી ગાડી પસાર થવાની હતી.

"ચાલો, જલદી બેસો !" ગાડી હાંક-નાર બોલ્યો. "આઇમન ઘોડાની નાલ બરાબર તપાસીછે કે ?"

"બરાબર છે, સાહેબ," આઇમન નાલ ફરીથી તપાસતો બોલ્યો. આ વખતે ગાડીમાં માલ ભરાતો હતો.

"ચાલો, મારા કુદકો, બેસો ગ્રહસ્થો !" ગાડીવાન બોલ્યો. વેલેનતાઇન પોતાના કાકાની

મરજીથી ગાડીની અંદર બરાબર કોચબાક્ષની પછવાડે પીઠ કરી બેઠો.

"મેરબાની કરી મારી દીકરીને સંભાલજો" એક ઘરડી સ્ત્રી બોલી.

"કાંઇ ફીકર નહી," ગાડીવાન બોલ્યો "કોઇને કાંઈ અસવાર આવનાર નથી."

"સુકરાનાં," ઘરડી સ્ત્રી બોલી "જા દીકરી, ખોદા તારો નેગેહબાન થજો. જલદી જતાંવાર કાગલ લખજે."

"સંભાલજો!" ગાડી હાંકનાર બોલ્યો. "ઉહીત, ઉહીત ચાલ ઘોડા!" ઘોડાએ ચાલતી પકડી. પેલી ઘરડી સ્ત્રી પોતાની દીકરીને જતાં જોઇ જારબેજાર રડી. જોહન કાકા પણ વેલિનતાઇનને વાસ્તે આંખમાં પાણી લાવ્યો.

"જગા નથી બાઇ જગા નથી!" ગાડીવાન મીસીસ વેક્ષને એક ગલીને નાકે ઉભેલી

જોઇ બોલ્યો. એ બોલ સાંભળતાં વેલિનતા-ઇનનાં ધ્યાન તથા નજર તેણીની તરફ ગયાં. તેણે તેણીને સલામ કીધી, જેના જવાબમાં તેણીએ પોતાનાં આંગલાં ઉપર બોસા લીધા.

બીચારા વેલિનતાઇનનું હઇયું ભરાઇ આવ્યું તેથી ગાડીમાં પેહેલો કલાકતો વગર ખબરે ગયો. પણ કેટલેકવારે તેને તક મલી. ઘોડા બદલવાનું ઠેકાણું આવ્યું. ગાડી ઉભી રહી. તુલર કોચમેન નીચે ઉતરયો. તેને જોઇ પાસેનજરો પણ નીચે ઉતરયા. આપણો વેલિ-નતાઇનબી ઉતરયો. રસતા ઉપર એક હોતેલ હતું તાંહાં જરા ફરેશ થવા સઘલા ગયા. બે ચાર મીનોટમાં પાછા ફરયા. વેલિનતાઇનને હવે પોતા-નાં કામ માટે ઉલત આવી. "ઉવીત ઉવીત," કોચમેન તુલર બોલ્યો. ઘોડા ચાલવા લાગા.

"સબર, સબર; હો!" દુરથી એક અ-વાજ આવતો હોય તેમ વેલિનતાઇન બોલ્યો.

"અરે કોઇ પછવાડે રહી ગયું છે, તુલર" એક પાસેનજર ગ્રહસ્થ બોલ્યો.

" એક જન દોડો તો " તુલર બોલ્યો, " ઠીકછે, ચાલ ઘોડા. એથી તે શીખશે કે વખતસર હંમેશ બરાબર હાજર કેમ રહેવું. એ રવેશે જો દરેક ઉતારૂને વાસ્તે હું ખોતી રહીશ તો મુસાફરી પુરી કરતાં પખવાડયું થઇ જાય."

"અરે, સબર, સબર, સબર !" વેલેનતાઇન કોઇ હાંફતાં માણસનો અવાજ કાઢી બોલ્યો.

એક ડુંગર ઉપર ચઢયા પછી તુલર લગામ ખેંચી પાછો ફરી કોણ છે તે જોવા લાગો પણ કોઇ નજરે પડયું નહી,

" કાંહાં છે તે " તુલરે પુછ્યું.

"ખાહીમાં !" વેલેનતાઇન પોતાનો અવાજ પછવાડે નાખી બોલ્યો.

"પાણીમાં ?" તુલર બોલ્યો, "તોબાહ પણ કાંહાં ?"

"પેલા," વેગ્નેનાર્ઇન બોલ્યો.

"રે, રે !" એક પાસેનજર જે પાદરી હતો તે બોલ્યો. "બીચારો શખ્સ થાકી જવાને લીધે પાણીમાં પડયો હશે. રે ભલા ગાડીવાન, એ કેવું ખોટું છે, જરા ગાડી ઉભી તો રાખ." કાંઇ અકસમાત બનશે એવી ધાસતીથી તુલર તે પેસેનજરને પાણીમાંથી બાહાર કાઢવા હેઠલ ઉતરયો; પણ જોકે તે કાંઇ સેંકડો ફુત ડુંગરા નીચે ઉતરયો પણ કોઇની કાંઇ નિશાન માલમ પડી નહી. થાકીને હાંફતો હાંફતો પાછો ઉપર આવ્યો અને પુછયું કે "તે શખ્સને કોઇએ દીઠોછે."

"આપણે તો બા એક છોકરાને ઝાડી ઓલંગી આવતાં દીઠોછે." એક ઉતારૂ બોલ્યો.

તુલરે પાસેનજર બુક કાઢી, ઉતારૂ ગણ્યાં.

બધા બરાબર હતા. તે પાછો બાક્ષ ઉપર ચઢયો. તેના મનમાં એવો વિચાર હતો કે કોઇ ઝાડીમાં ભરાઇ બેઠેલો શખ્સ એવા અવાજ કાઢી ચેરાં કાઢતો હતો.

"ઉહીત, ઉહીત," બોલતાં તુલરે ઘોડા ને ચીમકી લગાવી. તેઓ ચોંકયા અને છલંગ મારવા લાગા. પાટો હુકમાંથી નીકલી ગયો; જે બરાબર કરવા તુલર હેઠલ ઉતર્યો. બરાબર કીધા પછી પાછો ચઢયો; પણ કોચબાક્ષ ઉપર તે બેસે શું કે વેલેનતાઇને એક હડપાં કુતરાંના જેવા સાદ કોચબાક્ષની તલેથી આવતો હોય તેમ કાઢયો. તાબરતોબ બુમ પાડતોજ કાલા પોષાકવાલો પાદરી હેઠલ ઉતરી પડયો, અને બોલ્યો "રે બાપ્પા એ કેવુ બોલું! કેવું ભય ભરેલું! તમે મને કહયું કેમ નહી કે મારા પગની નીચે એક કુતરો બાંધ્યો છે."

"મને પણ કોઇએ કહયું નહી," તુલર બોલ્યો, "હું શું જાણું, ચાલો આ.વો આપણે એને બાહાર કાઢીએ."

"નહી. નહી, નહી, કદી નહી, તું શું હડખું લગાડવા માંગેચ કે?" પાદરી બોલ્યો. "મને પ્રથમ નીચે ઉતરવા દે અને પછી કાઢ."

"બેસો ત્યારે" તુલર બોલ્યો "તમારા પગ મજબુત બાક્ષ ઉપર મુકી રાખો. આપણે પછી એની ખબર લેશું." એટલું કહી તેણે પાછી ઘોડાને લગામ કીધી એટલે તેઓ ફુલ ગેલપ ચાલવા લાગા.

પેલા ગ્રહસ્થે તુલર સાથ વાત ચલાવી તેમાં તેણે લંડન શેહેરમાં તેના એક મીત્રના ઘરની નજદીક એક હડખા કુતરાને લીધે કેટ લાક લોકોને મોહોત ખમવું પડયું તે વીશે જણાવ્યું. વાતનાં દરમ્યાનમાં વેલેનતાઇને કુતરાના ઘુરવાના જેવો ઓંચીંતો સાદ કાઢયો જેથી પેલો ગ્રહસ્થ અને તુલર બંધે ચોંકયા અને કોચબાક્ષ ઉપરથી હવામાં ઉચે પગ ધરયા અને પછવાડેના ઉતારૂઓના ખોલામાં માથાં નાખ્યા.

તુલર ફકરી ચટકી ઘોડા ઉભા રાખવા હેઠલ ઉતરવા જતો હતો; પણ એટલામાં તેની નજર દુર રસ્તા ઉપર બીજા નવા ઘોડા બદલવા તઇઆર રહેલા હતા તે ઉપરપડી; તેથી તેણે ગાડી ઉભી રાખી નહી. તે બોલ્યો "જરા સબર કરો પેલા સ્ટેશન આગલ આપણે ઉભા રહીશું અને એ કુતરાના ધણીની ખબર લેશું. તેને એવો સ્વાદ દેખાડશું કે તે જનમ સુધી ઇઆદ કરતો રહેશે.

"અરે કોચમેન, રે કોચમેન મારી ટોપી ઉડી ગઇ!" વેલિનતાઇન ગાડીની પછવાડે અ-વાજ નાખી બોલ્યો.

"સારૂં થયું" તુલર ફકરીને બોલ્યો, "તે લાવવા તમેજ દોડઉશું, ફીકર નહી."

ઘોડા બદલવાનું મઠક આવ્યું. તુલર નીચે ઉતરયો. પેલો ગ્રહસ્થ પણ ઉતરતો હતો

એટલામાં વળી કુતરાના ઘુરકવાનો અવાજ નીકળ્યો અને હવે જુઓ કે તે બાપડો ગભરાઇને એક ઘરડા ઘોડાવાળાની ઉપર જઈ પડ્યો જેથી બંને અકળાઇ જમીન ઉપર પડ્યા.

"કેમ સેઠ ઉતરતાંબી આવડેચ કે નહિ?" ઘોડાવાળો ઉભો થઇ બોલ્યો.

"માફ માંગુછું ભાઇ," ગ્રહસ્થે જવાબ દીધો.

"ચાલો, આવો હવે પેલા સેતાનને બાહાર કાઢીએ અને જોઇએ કે એ કોણછે." ડુલર બોલ્યો, "ચાલ જીમ, જરા મદદ લાગ"

જીમ તેની નજદીક ગયો. કુતરો તો અતિશય ઘુરકવા લાગ્યો. પેલો ગ્રહસ્થ જીમને સંભાળ રાખવા ચેતાવતો બોલ્યો "ખબરદાર કુતરો દાપુ ભરશે."

"હેરી જરા આવતો!" જીમ બોલ્યો, "તને કુતરાનો ભો નથી લાગતો."

હેરી આવ્યો; સેમ આવ્યો; પછી બાબ અને બીલ; પણ કુતરો કેઈ નજરે પડયો નહી; અને ગુરકવાનું જોસબંધ ચાલું રહયું તેથી કોઇએ પણ તે ખરાબ જાનવરને બાહાર ખેંચી કાઢવા બાક્ષમાં હાથ ઘાલવાની હીમત કીધી નહી. બાબ, તેટલા માટે તામ લુહારને બોલાવા ગયો. તે લુહારને વાસ્તે એવું કહેછે કે તે હડખા કુતરાથી જરા પણ બીહીતો ન હતો. બે ત્રણ મીનીટમાં તામ લુહાર હાથમાં લાલ તપાવેલી લાંબી ગચાડ લઇને આવ્યો.

"અરે રે!" પેલા ગ્રહસ્થ કમકમીને બોલ્યો, "બીચારાં પશુ તરફ એટલા ઘાટકી ના થાઓ."

"ત્યારે શું આખો દહાડો અહીંજ બોતી રહું કે?" તુલર બોલ્યો. "કોઇબી રીતે એને બાહાર કાઢવો જોઇએ."

એ ઉપરથી લુહારે સલીએ આણીગમ પેલી ગમ ખુણેખાંચોલે મોકલ્યો; અને દર મોકલે કુતરાના રડવાનો અવાજ દયા ઉપજાવે એવી રીતે નીકલ્યો.

"હું તમને કહું એ કેવો કુતરો છે," તામ લુહાર બોલ્યો, "એતો હડક્યો કુતરો છે."

"તે તો અમને પણ ખબર છે," પેલો અહસ્ય એક ગાડી ખાલી હતી તે ઉપર બારીકનો મારયો ચઢી જઇ બોલ્યો.

"એ બુલ તેરીઅર જાતનો છે," લુહાર બોલ્યો, "એના ભસવા ઉપરથી મને લાગેછે. એ કુતરો હડક્યો થાય તો ઘણું ખરાબ."

"ત્યારે એ પીડાનું શું કરીએ," ડુલરે પુછ્યું.

"ગોલીથી મારો, ગોલીથી," પેલો અહસ્ય ગાડીમાં સંભાલથી ભરાઇ બેસી બોલ્યો.

“ મારી પાસ એક પીસ્તોલ છે” લુહાર બોલ્યો. “જા બાબ, તે લઇ આવ. તે દુકાનમાં ભઠીને માંથે અભરાઇ ઉપરછે.”

“ પીસ્તોલ લાવ્યો, ઠીક ત્યારે,” તુલર બાબને લાવતાં જોઇ બોલ્યો. “ થોડા વખતમાં એનો આંકો આવવાનો હવે.”

“ એ ભરેલી છે કે ?” તામને પીસ-તોલ લાવી આપતાં પુછ્યું.

“ સંભાલજે ગોલી નીચે ઉતારજે ?” તુલર બોલ્યો.

“ ઠીક” તામ બોલ્યો.

પીસતોલ છુટી. ઘોડા ચોંક્યા. તોફાન મચી રહ્યું, પણ કોઇને કાંઇ નુંકસાન થયું નહી. ધુમાડો નરમ પડે નહી એટલામાં વેલ-નતાઇને પાછો ધીમો નરમ પડતો કુતરાના રડવાનો સાદ પેટીમાં નાખ્યો જેથી બધાની ખાતરી થઇ કે બીચારૂં જનાવર મારયું ગયું.

"જનાવરે પ્રાણ છોડયો," તામ લુહાર પેટીમાં જનાવરનાં મુરદામાં સલીઓ મોકી બોલ્યો.

"જોઇએ તો ખરા એ સેતાન કેવોછે." તુલર બોલ્યો.

કાલા પોષાકવાલો ગ્રહસ્થ એકદમ ગાડી માંથી બાહાર કુદી પડયો, અને જે કોઈ તાંહાં હાજર હતા તેઓ પાસે ગયા, તામે મુરદુ હાથ ઘાલી બાહાર કાઢયું પણ તેતો કોઇનો મારેલો સસલો હતો.

"એ કાંઇ બુલ તેરીઅર નથી," બાબ બોલ્યો.

"તમારી એ બાબે ખાતરી છે કે?" તુલર બોલ્યો.

"હા, અને હું તમને હમણાં તે શોધી આપુંછું," તામ બોલ્યો. તે લોકોનો સામન ખીસાડવા જતો હતો.

"ના, ના!" ફુલર બોલ્યો, "એટલાં વાસતે હું ખોતી થનાર નથી. એક કલાકનો મોડું થઇ ચુકું. ચાલો શહરથી બેઠા જઓ!" તામ અને તેના સાથીઓ જેઓ નામ કાઢવાને ખંતી હતા તેઓએ ફુલરને આગ્રહ કીધો તેથી તેણે તેમને ખોલ કરવાની રજા આપી, સઘળો સામન ખસાડી ખુબ તલાસ કીધ. પણ નાશાપાસી શીવાએ કાંઇ તેઓએ દીઠું નહી. એ રવેશનો બનાવ જોઈ સઘલાઓ બીહીધા અને અજબ થયા કે એ શું ચમતકાર હશે. તેઓ સઘલા સ્થંભ થઇને એક બીજાનાં મોહોાં તરફ તગોતગ જોવા લાગા. ફરી ફરીથી સામન બાક્ષમાંથી કાઢી બારીકીથી જોય અને ગભરાતમાં પડે.

"શું અંદર કાંઇ નથી?" ફુલર બોલ્યો

"કાંઈબી નથી, આવીને જુઓ."

ત્રુક્ષરે બાક્ષ તેમજ સામન ખોલીને બારીકીથી તપાસ કીધી. પેલા પાદરીએ જોયું. બાબે જોયું. બીલે જોયું. હેરીએ જોયું. અને બધાએ વારાફરતી જોયું પણ કાંઇ સાર કાઢયો નહી.

"અજાયબ ચમત્કાર જણાયછે," ટ્રુક્ષર બોલ્યો.

"હું સોગંદ લઇ કહું છું કે બાક્ષમાંથી-જ અવાજ આવતો હતો," પેલા ગ્રહસ્થે કહ્યું.

"મેં મારી નજરે જોયો," બાબ બોલ્યો. તેની તરફ મને જોવાથી ગમ્યું નહી.

"કુતરો અહીં હતો એ વાતમાં તો જરાપણ સંદેહ નથી." પેલો ગ્રહસ્થ બોલ્યો, "પણ હવે સવાલ એ છે કે તે ગયો કાંહાં?"

"હું પેંત બ્રાન્દોની સરત મારૂં છું, તામ, તે તારી પીસતોલથી ઉડી ગયોછે," હેરી બોલ્યો.

"ઉડાડી મુકયો? અરે મુર્ખ તે કેમ બને!" તામ બોલ્યો.

"કાં નાહી, કુતરો એમાં હતો કેની?" હેરી બોલ્યો. "જોની તે નથી અહી; નથી પેલીગમ; નથી કેડે, ત્યારે તે ગયો કાંહાં! બંદુકનાં મોઢાંને રસ્તે ઉડી નહી ગયો તો કાંહાં ગયો."

મશ્કરાઓ અજબ થયા. તુલરે સામન પાછો તેની જગા ઉપર મુકયો. ઘોડાવાલાઓ તમામ થાકીને કંટાલી ગયા હતા તેથી તેમ-નામાં જરા હુશીઆરી આણવા માટે પેલા ગ્રહસ્થે કાંઈક પઈસા કાઢી આપ્યા એટલે બીરનો બાટલો તાંહાં આવી લાગ્યો.

વેલેનતાઇન પોતાનાં કામની ફતેહ જોઇ અતિશય મલકાતો હતો. રખેને ઉઘાડો પડી જાય એવી ધાસ્તીથી તેણે જરાવાર ઢાલ નાખી.

તુલરને તો પેલા મોજેજાથી એટલી ચોંક લાગી હતી કે તેનું દીલ તાપથી ભરાયું.

વેલેનતાઇન પાછો તાજો થયો ત્યારે પોતાનું કામ ચલાવા લાગો. તેણે એક રડતાં બાલકનો સાદ કાઢયો. તે એટલો તો હુબેહુબ બાલકના રડવાને મલતો હતો કે સઘલાઓ હેરત પામ્યા કારણ કે ગાડીમાં કોઇ બચ્ચું હતું નહીં.

"બાઇ આ બચ્ચાંને જરા મુગું રાખશો તો મેહેરબાની થશે," તુલર બોલ્યો.

વેલેનતાઇને રડવાનું ચાલું રાખ્યું. તે એટલું જોરમાં હતું કે તુલર કંતાલી બોલ્યો, "તમે તમારાં છોકરાંને એ રીતે રડાવશો તો આગલ આપણાથી જવાશે કેમ. મારા ઘોડા ચોંકેછે. તેમની લગામ હાથમાં રહેતી નથી. તોબાહ, એ રીતે મને કંતાલો મલતો જશે તો માથું ચરી આવે એમાં નવાઇ શી."

"અલબતાં એ ઘણુંજ કંતાલા ભરેલું છે," પેલો ગ્રહસ્થ બોલ્યો.

"જોવોની કેવો કંતાલો, એ રવેશે તો માણસ જલદી ઘેલું થઇ જાય!" તુલર બોલ્યો.

"પણ હું શું કરૂં" વેલિનતાઇને એક ઓરતનો સાદ કાઢી કહ્યું, "મુંગું રાખુ છું પણ તે મુંગુ રહેતું નથી. એમાં હું શું કરૂં ચાલ નાખીદેઉં મુઆંને." એટલું કહી તેણે એક જબરી તીક્ષણ કીકીઆરી પાડી અને બોલ્યો, "બાલક રે બાલ્ક, બાલક મુવું રે!" તુલરે તરતજ ગાડી ઉભી રાખી, અને લગામ તેની પાસે બાક્ષ ઉપર બેઠેલા ગરહસ્થના હાથમાં આપી પેલાં બચ્ચાંની માએને તે તરફ ધાટકી રહેવાને લીધે થપકો આપવા હેઠલ ઉતરયો.

"કેમ કંઈ પડી ગયું કે, કોચમેન?" એક ગરહસ્થે પુછયું.

"કંઇ પડી ગયું? તુલર ગુસામાં બો-લ્યો, "કાંહાં છે પેલું બાલક?"

"કયું બાલક?" એક જણે પુછયું.

"જે પેલી બ્યારતે હમણાં રસતા ઉપર ફેંકી દીધું તે!" તુલરે કહયું.

"અમારે યાંહાં તોકોઈ બાલક હતું નહી," એક બીજો શખ્સ બોલ્યો. તેના કહેવાને સ-બલાઓએ એક અવાજે ગવાહી પુરી.

"શું" તુલર બોલ્યો, "તમે શું એવું કહેવા માંગોછો કે—તમો શું મને એવું સમ-જાવા માંગોછો કે તમારી પાસ એક બાલક હતું નહી. શું જે બાલક લગભગ એક કલાક થયો રડી રડી મારૂં માથું ખાઇ ગયું—જે બાલકની કીકીઆરીથી મારા ઘોડા અતિશય ચોંકતા હતા અને ઘોડાને ખેંચતાં હું પાણી

ઉતાર થઇ ગયો—તે બાલકને એકદમ ગુમ કરી નાખ્યું ?"

"હું તમને કહુંછું, કોચમેન," એક બીજો ગ્રહસ્થ બોલ્યો, "કે અહીં કોઈ પણ બાલક હતું નહી."

"તોબાહ, એ કેમ બને!" ગુસ્સર માથું ગવડતો અને જમનો હાથ હવામાં ફેકતો બોલ્યો, "જહાં છે તાંહાં કોઇ ભુત પેવસ થયલો છે. તે કોઈ અંદરનો કે બાહારનો પાસેન્જર છે. કોઇ દીવસ એવો ઉતારૂ મલ્યો હતો નહી." એટલું બોલતાં તે કોચબાક્ષ ઉપર ચઢયો અને પોતાની ચોપડી કાઢી ઉતારૂ-ઓમાં એવો કોણ ચંડાલ હતો તે જાણવા તેમના નામ વાંચવા લાગો; જયારે સઘલા ઉતારૂઓ તેમજ વેલનતાઇન અકેક સાથ વાત ચીતમાં ગુતાયા. તેઓ હેરત પામતા દાંતમાં આંગલાં પકડતા.

"બરાબર, હવે સમજયો !" તુલર એક બારી જે તે રસ્તેથી હાથમાં એક તાપલી લઇ જતી હતી તેને જોઇ બોલ્યો. "એજ એજ, એ એનુજ કામ. રગડો એ સેતાન બુધીઆને !"

એમ કરતાં રસ્તામાં જયારે ઉતારાનું મકાન આવ્યું ત્યારે તુલરે ગાડી ઉભી રાખી. તે તબેલામાં ગયો અને એક હથોડી, ખીલા, અને ઘોડાની નાળ લઇ આવ્યો. તે નાલ તેણે કોચબાક્ષના પગ મુકવાનાં પાત્યાંને જડી.

"હં, હવે એ ડાકણ દપત પડશે." તુલર બોલ્યો.

"તુલર એ શું કીધું તે? પાત્યાંને નાલ શાની જડી ?" પેલા ગ્રહસ્થે પુછયું.

"અરે સાહેબ, તમે નહી સમજો. જાહાંછે તાંહાં એક ડાકણ લાગુ પડીછે. તે સઘલો ફેસાદ કરેછે."

"બેવકુફઇ," પેલો ગ્રહસ્થ બોલ્યો, "એવો પાપી વિચાર કરવાની તમે કેમ હીંમત ચલાવોછો ?"

"મને બરાબર ખબર છે," તુલર બોલ્યો, "પેલી બદસુરત ઓરત હમણાં અહીથી ચાલી ગઇ તે ઉપરથી મને ઇયાદ આવ્યું. તે એક ડાકણછે." તુલર બોલ્યો.

"કોણછે ?" પેલા ગરસ્થે પુછયું.

"દાકણ છે," તુલરે જવાબ દીધો. "હું તે વિશે બધું તમને કહુંછું. "ચોથે દહાડે જયારે રસતા ઉપરથી જતો હતો ત્યારે મેં તેણીને પગઠી ઉપર એક ઠેકાણે બેઠેલી જોઇ તેણીની પાસે એક તાપલી હતી. નાનો હેરી મારા શેઠનો ભાનેજ, મારી પાસ કોચબાક્ષ ઉપર હતો. તેણે તેણીને ઓલખી. તે બોલ્યો, "તુલર જો તું પેલી ઓરતની તાપલી ઉડા-

રશે તો હું તને પન્ચનું એક ગ્લાસ પાવશ. તે સરત મેં કબુલ રાખી. મારો ચાબક તઇઆર કીધો, અને જેવી ગાડી તેણીની આગલથી ચાલી કે મેં તરત મારો ચાબક ટોપલીનાં કરાંમાં ભેરવ્યો એટલે તે ઉચકઇ આવી, અને હેરીના માથાં ઉપર પડી. હવે તે ટોપલીમાં થોડાંક ઇંડાં હતાં તે ભાગી ગયાં, અને તેમની દાલ તથા સપેદીથી હેરી ગુગલાઈ ગયો. મેં ઘોડાની લગામ ખેંચી પકડી કારણ કે મારૂં પણ મોઢું ઇંડાંથી ખરાબ થઇ ગયું અને આગલ દેખાતું ન હતું. થોડેકવારે પેલી બાઇરી દોડતી આવી અને ઇંડાં માંગ્યાં. મે તેણીને એક રૂપીઓ આપ્યો; હેરીએ એક ખાજો આપ્યો. પણ તેથા તેણીની રાજી થઇ નહી. તે તો ફકત ઇડાં માંગે; અને તેના વલી તેજ ઇંડાં બીજાં નહી. તેણીએ જતી વખત મારી ઉપર કાંઇ મંત્ર ભણ્યું ત્યારે

નાના હેરીએ તેને ઓળખી કે તે દાકણ હતી. તે દાકણ આખા શેહેરમાં સરવેને જાણીતી હતી, અને આજે જે આપણે આપણી નજર આગળ બનતું જોયું છે તે કાંઈજ નહી પણ તેજ દાકણનું કરતુક છે પણ હવે તેણીનું જાદુ આપણી ઉપર કાંઇ ચાલનાર નથી. મેં ઘોડા ની નાળ આપણી ગાડીને જડીછે એટલે બધું દફે થશે."

"તું શું ખાતરીથી કહેછે કે? ખબર દાર?" વેલીનતાઇન એવી રીતે બોલ્યો કે તે માત્ર તુલરનેજ સંભળાયું. તુલર ચોંક્યો અને અતિશય ગભરાયો. પણ તેનો ગભરાટ તુરત નરમ પડયો. ગાડીમાં બેસાડેલી નાળની અસર ઉપર તેને પુરતું એકીન હતું.

"કોચમેન!" એક પાસેનજર બોલ્યો. "જરા ભાઈ જમની બાજુનું ચાક તપાશી જો. તે ડોલા ખાયછે, અને ઓય નીકલી પડશે."

"તુલર હવે એટલો તો કંતાલી ગયો હતો કે તેણે પેલાના કહેવા ઉપર લગાર પણ ધ્યાન આપ્યુ નહી. જયારે ઘણુંજ થયું ત્યારે એટલુંજ કીધું કે સઘલા ઉતારૂઓને તેણે દાબી સાઇડ ઉપર એકઠા થવાને કહ્યું જે તેઓએ કીધુ; પણ તુલરે ભુલથી ડાબી તરફની લગામ ખેંચી એટલે ઘોડા તે તરફ ફરી ગયા અને એક પાલ સાથ ગાડી અફલાઇ ઉંધી વલી. તુલર અને કોચબાક્ષ ઉપર બેઠેલા એક ગરહસ્થ બંધે ઉડીને છાણના એક મોટા ઢગલામાં પડયા. દાકણની વાત તેના મનમાં તાજી હતી. નાલ ઉપરથી તેનું એકીન અવે ઉઠી ગયું. ગાડીની આસપાસ જમાવ થયલા લોકોને સઘલું સોંપી નજદીકમાં એક પોંહોંચખાણું હતું તાંહાં તે ગયો. જરા ઠીકઠાક થઈ એક બ્રાન્ડીનું ગ્લાસ ઉડાવ્યું. થોડા વખતમાં હુસીઆરી આવી એટલે પેલી દાકણને સેલ ભરવા માંડી.

પ્રકરણ ૬ ઠું.

કાલા પોશાકવાલા ગ્રહસ્થની મોટી સખાવત.

તુબર કોચમેનનો હોતેલમાં જઇને લત્યો. પેલી દાકણે તેની સઘલી સુધ બુધ ઉડારી મુકી હતી. હોતેલમાં સઘલા જણનો ઘોઘાટ અતિશય મચી રહયો હતો. સઘલાઓને ખોતી થતું હતું તથી તેઓએ તેને ઉઠાડવાની ઘણીએ યુકિત કરી પણ તે એટલો તો ભર ઉંઘમાં પડી જોરથી ઘોરતો હતો કે તેને હાલવ્યા છતાં તે ઓઆબથી બીદાર થઇ શકયો નહી. આખરે ભારે મેહેનત અને યુકિતથી તે જાગરૂત થયો.

"ચાલ કોચમેન, ચાલ, આપણને ખોતી થાય છે," પેલો કાલા પોશાકવાલો ગ્રહસ્થ બોલ્યો.

આ કહેવાની તુલર ઉપર કાંઇ અસર થઈ નહી. તેતો જરા જરામાં ડાકણુને ઇઆદ કરી ગભરાય. ગાડી હાંકી લઇ જવાને વીચાર કરે અને પાછો બીહીને અચકે. આખરે હોતેલવાલ એ ગાડી હાંકી લઇ જવાને માથે લીધું. તે બાહાર જતો હતો એટલામાં વેલેનતાઇને પેલા કાલા પોશાકવાલા ગ્રહસ્થનો સાદ કાઢી તેને એક દજન બરાન્ડી અને ૧૨. માણસને માટે ખાવાનું તઇઆર કરવા કહ્યુ. એ હુકમ પેલા કાલા પોશાકવાલાના મોહોંમાંથી નિકલેલો જાણી "તઇઆર છે સાહેબ" કરી તે બબરચીખાણામાં ગયો. તાબરતોબ ઘરનાં સઘલાં માણસો કામે લાગી ગયાં. દેનને ગોસને માટે ઘોડા ઉપર બજાર ભણી રવાનાં કીધો. રોજરને સગડીના સલીઆ સાફ કરવા બેસાડયો. સેલીને ઇંગાર પાડવા કહ્યું. ઘર ધણીઆણીએ બરાન્ડી બાટલીમાં ભરવા માંડયો,

અને સઘલાઓને કામમાં ચપલાઈથી રાખવાને ઉશ્કેરીઆ.

પેલા કાલા પોષાકવાલા શખ્સને ઘણું મોડું થતું હતું તેથી તેણે તુલરને ઘણો સમજાવ્યો પણ સરવે ફોકત. તેણે ગાડીના બીજા મથક તરફ ચાલી જવાનો વીચાર કીધો; પણ જ્યારે તેને એવી ખબર મલી કે નજદીકનું બીજું મથક સાત માઈલ કરતાં ઓછું દુર ન હતું ત્યારે તે નિરાશ થઇ ગયો અને લાચારીએ તુલરને ભાઇબાપા કરી સમજાવવા તથા છાપરે ચઢાવવા લાગો.

ખાણું તઇઆર થયું. તેબલ ઉપર આવ્યું. સઘલા લોકોને તે અતીશય પસંદ પડ્યું બાઇલીઓ ચપોચપ ઉખેરવા લાગી. પણ પેલો કાલા પોશાકવાલો ગ્રહસ્થ જમવામાં સામેલ થયો નહી. હોટેલવાલીએ તેમજ બીજાઓએ

તેને તેડયો પણ તે ગયો નહી. "કેમ તમે પોતે ખાણું મંગાવ્યું અને તમારા સખુન માટે મેં તે કેવી મેહેનત લઈ તઇઆર કીધુ અને તે તમને ગમતું નહી શું ?" હોતેલવાલી બોલી.

"મેં ખાણાની વરદી કીધી ?" પેલા ગ્રહસ્થ અજબ થઇ બોલ્યો. "શું મેં વરદી આપી ?"

"અલબતાં," હોતેલવાલો અને તેની ઓરત બંધે બોલ્યાં.

"કેમ તમો લોકોને સ્વપ્નું આવ્યું હતું કે ?" ગ્રહસ્થ બોલ્યો.

"આ ઠેકાણે જમાવ થયલા સઘલા ગ્રહસ્થ અને બાઇઓને અરજ કરી પુછુંછું કે તેઓએ આ ગ્રહસ્થને સઘલાં ખાણાંની તેમજ શરાબની વરદી આપતાં સાંભલ્યોછે કે નહી ?"

"અલબતાં," તુલર અને બીજા સરવે બોલ્યા. "અમે અમારા કાંનેકાન સાંભલ્યું છે."

"જૂઠ, છટ, હું કસમ લઇ કહુછું કે મેં એકપણી શબ્દ વરદીના રૂપમાં કાઢયો નથી," પેલા ગ્રહસ્થ બોલ્યો, અને હું કાંઇ એનો ખ-રચ આપું નહી."

આ ઉપરથી હોતેલવાલા અને તે ગ્રહ-સ્થના દરમ્યાનમાં પંચાતી અને વાદવિવાદ ચાલુ થયો. આખરે કેટલાકના કહેવાથી સમાધાની કરવામાં આવી. સઘલાઓએ સરખે હીસ્સે આપવો એવો વિચાર નકી યયો. એ સાંભલી કેટલાક ઘોડાવાલા અને બીજા ખાણાં આગલથી ઉઠી ગયા. તે જોઈ પેલા ગ્રહસ્થે બાકીનો બધો ખરચ આપવા કહયો અને બધા જણા પાછા તેબલ ઉપર બેઠા.

હોતેલવાલાને પેલા ગરહસ્થ સાથ પંચાતી થવાથી તેને નુંકસાન કરી તેના ઉપર રસ્તામાં વેર લેવાને તે ઘાંત કચકચાવી કાંઇ બબરયો

હતા; અને તેમ કરતાં વેલેનતાઇને તેને દીઠો હતો, તેથી તેની ઉપર નજર રાખવાને તથા કાંઇ નુકસાન કરતો તેને અટકાવવાને બનતાં સુધી તેણે સંભાલ રાખી હતી. તે જોહન હોતેલવાલાની પુઠે બબરચી ખાણાં તરફ ગયો. તાંહાં તેણે હોતેલવાલીને એક ખાટકી સાથ ગોસ બાબે કાંઇ વાત કરતાં સાંભલી. તે તક તેને પેલા હોતેલવાલાને શિક્ષા કરવાને અછી મલેલી લાગી. જોહન હાથમાં એક ચાબક લઇ એક ઓરડામાંથી બબરચીખાણાં તરફ જતો હતો એટલામાં તેણે હોતેલવાલીના જેવો સાદ કાઢી આ શબ્દો તેના કાન ઊપર નાંખ્યા. "જા પ્યારા, હાલતો જા, પણ થોડે થોડે દહાડે તું પાછો આવતો રહેજે. કાંઇ ફીકર કરતો ના આજ રાત્રે જોહન બુબખ ઘર આવનાનો નથી!"

"હંઅં—ઠીક—વાત તો બહુ બેહુદી છે" જોહન બોલ્યો. "થોડે થોડે દહાડે તું પાછો આવતો રહેજે, અને આજ રાતરે જોહન બુબપ ઘર પાછો આવનાર નથી! વારૂં વાર ઠીકછે, આવજે, જોહની તું આવજે, આનીકોરે હું છું. પછી થઈ રહેશે."

આ રવેશના સખુન ઓચરવા પછી તેણે તુલરને બદલે ગાડી હાંકી લઈ જવાનો અને રાહમાં પેલા કાલા પોશાકવાલાને નુંકસાન કરવાનો વિચાર તજી દીધો.

વારે વેલેનતાઇન, તારા કેવા પ્રતાપ!

હવે પેલીગમ ગાડી તઈઆર થઇ. તુલરને વેલેનતાઇને સમજાવ્યો કે ૪૦ માઇલના ઘેરાવાની જગાની પેલીપાર કોઇ પણ ડાકણુની જાદુઈનું જોર ચાલી શકે નહી. એ વિચારે તેના મન ઉપર મજબુત સારી અસર કીધી

તેથી તે હીંમત કરી કોચબાક્ષ ઉપર ચડ્યો અને લગામ હાથમાં લીધી એટલે ગાડી આખરે ગગડવા માંડી. આપણા વેલેનતાઇન આ વખત કોચબાક્ષ ઉપર બીરાજ્યા હતા તેણે હવે કાંઇ પણ ચેરાં કાઢવાનો વીચાર મુકી દીધો તે એટલાજ માટે કે તેના કહેવા ઉપર તુલરને ઇતબાર આવે અને ખરેજ થોડીક મંજલ જવા પછી તુલરે તેનો તેણે આપેલા ઉપદેશ માટે ઉપકાર પણ માન્યો.

પ્રકરણ ૭ મું.

જોહન કાકાનો મીત્ર. તેનાં સગાં વ્હાલાં.
બે બેમાલુમ ખાતર પાડનારા. એક
પ્રખ્યાત કચરાપટી.

જોહોન કાકાનો મીત્ર મીo ગ્રીમઉદ ગુદમેન જેને અસ્તક વેલેનતાઇનને સોંપ્યો

હતો તે બેસુમાર દોલતનો માલેક હતો. તે ઘણોજ નાજુક બાંધાનો અને ઉંચો હતો. તે તદન કુવારો પરણ્યા વગર રહયો હતો. તેના સગા વાહાલાંમાં એક ભાઇ ભત્રીજો અને તેમની ઓરત સીવાય બીજું કાંઇ હતું નહી. તે પરણવાનો વિચાર કરે નહી એ માટે તેઓ પુરતી સંભાલ રાખતાં હતાં. તેઓનો દોલો ગુડમેનની દોલત ઉપર હતો. તેના પઇસાવડે તેઓ સુખચેન અને મોજમજાહથી રહેતાં હતાં, અને બાહીતાં હતાં કે રખેને મી૦ ગુડમેન લગન કરે તો તેની દોલત તેમના હાથમાં આવતી અટકે. એટલાજ હેતુથી ગુડમેને જયારે વેલેનતાઇનનાં તે કુટુંબમાં આવવાની વકી અને તે તરફ પોતાની અત્યંત ખુશી દેખાડી ત્યારે તેઓને તે સાંભલતાંજ તાવ ચઢી આવ્યો. તેઓએ તેને કદી દીઠો ન હતો.

તેઓના તે જુવાન કંગાલનો હેવાલ અને તેની તારીફ ગુદમેનને મોંહોડે-થી સાંભલી તેઓથી તાંમાશ થઇ શકાયુ નહીં. તેઓ વેલેનતાઇનને માટે દર કરવ લાગાં કે ગુદમેનની દોલત તેમના હાથમ જતી તે અટકાવશે. તેટલા માટે તેઓએ પો-તાની ઉપર આવતી ધાસ્તી દુર કરવાનો કાંઇ ચારો શોધવાની યુકિતઓ રચવામાં વખત લ-ગાડયો નહી. વેલેનતાઇન એક ધરમસરામાં ઉતરવાનો હતો, તેને એસ્તેકબાલ લેવા માટે ગુદમેન પોતાના ભાઇ વાલતરને મોકલ્યો હતો, તે લાગ સમજી પેલાં સગાંઓએ એવો મન-સુબો કરયો કે વેલેનતાઇને કોઇ દીન પણ ગુદમેનને નજરે જોયો ન હતો તેથી વાલતરે એવું કરવું કે પોતે ગુદમેન છે એવું તેને જ-ણાવવું અને જી કાંઇ યુકિત કરી તેને કોઇ

અંધારી જગામાં પુરી મુકવો અને તેને માટે કોઇ મનવાર કે વ્હાણ ઉપર સેલરની ચાકરી શોધીકાઢી તેને તાંહાંથી વદયા કરવો.

એવો મનસુબો કરયા ઉપરથી વાલતર ડેડવેલ વખતે ધરમસરા તરફ ગયો, અને તેનો બેટા હોરેસ વેલેનતાઇનને આવકાર દેવાની સઘલી ગોઠવણ કરવામાં રોકાયો. એ સઘલાઓએ બીજી એવી ગોઠવણ કરી હતી કે જયારે તે આવી પોંહોંચે ત્યારે તેને તાબરતોબ બાહાર મોકલાવી દેવો અને કે તેને કોઇ નવા ઉતારા ઉપર લઇ જવા પછી ગુદમેનને એવું સમજાવવું કે વેલેનતાઇન બીલકુલ આવ્યો નથી. સારાં નસીબે વેલેનતાઇનની ગાડીને ઘણુંજ મોડું થયું હતું, અને એટલામાં ભલો ગુદમેન પોતાનું કામ પુરૂં કરી વેલેનતાઇનને મલવાને માટે ધરમસરા તરફ આવ્યો. તેણે

પોતાના ભાઇને પાછો ઘર મોકલી વેલેનતાઇ-નને આવ ર વાનું કામ પોતાને હાથ રાખ્યું, જેથી વાલતરને તેમજ તેની એકસંપી ટોલીને ઘણુંજ દુખ લાગું.

પણ તેમાં આ કામથી તે તોલી કાંઇ નીરાશ થઈ નહી, જયારે ગુદમેને પોતાને હાથ વેલેનતાઇનને આવકાર દેવાનું કામ રાખ્યું ત્યારે વાલતર રસ્તામાં ગાડીની રાહ જોતો આગલ વધ્યો તેણે મનમાં કોઇબી રવેશે વેલેનતાઇનને પોતાના કબજામાં લાવવાનો મકમ બિચાર કીધો હતો. આ સઘલો વખત ગુદમેન ઘરમસરાના કાવાખાણામાં બેસી કલેરેટનું તંબલર આગલ રાખી એક વર્તમાન પત્ર વાંચતા હતો. જોકે તેની નજર તે પેપર ઉપર હતી તો પણ તેનું ધ્યાન ગાડી તરફજ રોકાયલું હતું તે મનસે વીચાર કરતો હતો કે શું

એમબની બને કે એક માણસ કલાકનાં કલાક ન્યુસપેપર વાંચતો રહે અને તેમનાં એક વાક્ય તરફ્બી ધ્યાન નહી આપે? જયારે ઘડીઆળમાં ૧૦ નો ટકોરો વાગ્યો ત્યારે પોતાની હજુરમાં ઉભેલા માણસ તરફ જોઇ તે બોલ્યો. "છોકરા, આ ઘણું અજાયબ જેવું છે—નહી વારૂં?"

"કેમ સાહેબ, કાંઇ ઘણું મોડું થયું નથી," તે માણસે જવાબ દીધો, "આજે ફુલર કોચમેનની વારીછે અને તે તો હંમેશ એમજ આવેછે."

"મને તો લાગેછે કે જાંહાંછે તાંહાં કાંઇ અકસમાત બન્યો છે," ગુદમેન બોલ્યો.

"અરે સાહેબ તેવી કાંઇએ ધાસતી રાખવી નહી," પેલું માણસ બોલ્યું, "સર્વ સલામત છે; હા ઘરડો ફુલર જરા ધીરોછે ખરો

પણ તે હાવકોછે—તો પણ આજનાં જેટલું તેણે કોઇ દીવસ મોડું કીધું હોય એવું મને ઇઆદ નથી."

આ મુઆફરનો કાંઇક દીલાસો મલવા ઉપરથી તે ધરમસરાના દરવાજા આગલ ગયો. ત્યાંહાં તેણે પોતાના ભાઇને તથા ભત્રીજાને એક પોરતર સાથ વાત કરતા દીઠા. "કેમ પો-રતર તારી ખાતરી છે કે ગાડી આવીતો નથી-જ," વાલતરે પોરતરને પુછ્યું.

"વાલતર! હોરેસ!" ગુદમેને હાક મારયો; એટલે પેલા બંધે જણા સાદ સાંભલી ચોંકયા; પણ છટકી જવાનો કાંઇ વખત દીઠો નહી ત્યારે તેઓ તેની નજદીક ગયા, અને કાંઇક અચરતીના શબ્દો બબરયા પછી તેઓએ ગુદમેનને ખાતરીથી કહ્યું કે સાંજના પુષકલ થંડી પડેછે અને મધ્ય રાત થતાં પણ ગાડી

આવી લાગે એવું નથી તેથી તે પાધરો ઘર જાય તો ઠીક; તેઓમાંથી એક જણ વેલેનતાઇનની સાથ રહેશે.

"તમારી મોટી મેરબાની છે," ગુડમેન બંધેનો હાથ પકડી બોલ્યો "એક શખ્સ કે જેને માટે મને ઘણું લાગેછે તે તરફ તમો આટલી કાલજી દેખાડોછો તે જોઇ હું ઘણો ખુસી છું. તો પણ જયારે એમજ છે કે તે હવે જલદી આવી લાગશે ત્યારે તો આપણે સાથેજ ઉભા રહીએ અને જરા વાઇનનું ગલાસ લઇએ."

વાલતર અને હોરેસ બંધેએ ઉડાવવાની ઘણીજ પેરવી કરી પણ ગુડમેને તો જાણે તેમની નિષ્ટા ચેતી ગયો હોય તેમ બોહોસ કરવામાં કાંઇ બાકી રાખ્યું નહી. તેઓ કાવાખાણામાં જઇને બેઠાને થોડાક વિલંબ

ગયો નહી એટલામાં ગાડીના આવી પોંહોંચવાની સીગનલ મલી; અને વેલિનતાઇનને આવકાર દેવા માટે ગુદમેન કમપાઉંદની બાહાર ગયો.

"સંધું થઈ ચુકું !" વાલતર ગુદમેનન જવા પછી બોલ્યો. "મેં કેવી મુરખાઇ કીધી કે હું ચકી આગલ ઉભો રહયો નહી; પણ હું તો એવું પકકું સમજયો હતો કે ગાડી તો આવી ગઇ હશે."

"કોણ જાણે શું સેતાન ચોથડચુ થયું," હોરેસ બોલ્યો, "તેથી હું વિજલીની મફક અહીં દોડતો કે આવી લાગો."

"ચાલો હવે તો સઘલું રદ થયું," વાલતર બોલ્યો, "આ વખતે આપણે મોટી ઉલથાપ ખાધી. પણ ફીકર નહી, હજી પણ આપણા હાથમાંજ વાતછે."

"તમારૂં નામ વેલિનતાઇન વોસ છે, સાહેબ ?" ગુદમેને' એક જુવાન શખ્સ જે ગાડીમાંથી ઊતરતો હતો તેને પુછ્યું.

"હા, સાહેબ," વેલિનતાઇન બોલ્યો.

"મારૂં નામ ગુદમેનછે; હું તમને જોઇને ખુશાલ છું. હું ધારૂં છું કે રસ્તામાં તમને કાંઇ હરકત નડી ન હશે."

"નહી કાંઇ દમ જેવી નહી," વેલિનતાઇને જવાબ દીધો.

"કાંઇ વધારે સવાલ કરોના" તુલર કેટલાક ઘોડાવાલાઓ જે તેની આસપાસ ગુચરૂં થઇ તેને સવાલ કરતા હતા તેમની આગલથી ચાલી જતાં બોલ્યો. "એ બાબે મને કાંઇ પુછો ના. તે સંભારી મને કંપારી છુતેછે. (ગુદમેનને) આ નેક ગ્રહસ્થનો હું અત્યંત આભારી થયો

છુ. એ શેઠે જો મને સારી સલાહ આપી નહી હતે તો અત્યારે કે આજ રાત્રે પણ અમો અતરે આવી લાગતે નહી."

આ કહેવાથી વેલેનતાઇન ઉપર એટલી અસર થઇ કે તેણે ખીસામાંથી ૩૩ કાઢી બુલ. રને આપ્યા, અને બીજુ એવું થયું કે તેથી ગુદમેનના મન ઉપર વેલેનતાઇન બાબે સારી લાગણીએ ઘર કીધું. તેણે વેલેનતાઇનનો સામાન બરાબર એક ઠેકાણે મુકાવ્યા પછી વાલતર અને હોરેસ સાથ તેને ઓલખાણ કરાવી. તેઓએ બા આબરૂથી બેરઆફીઅત સાથ તેની મુલાકાત લીધી; પણ તેમના દીલમાં આડાં અવલાં આવતાં હતાં.

"હવે ચાલો, મારા જુવાન મીત્ર," ગુદમેન વેલેનતાઇનનો હાથ ફરીથી પકડી તથા

દીલાજાનીથી ઊલવી બોલ્યો, "તમો સુખી સ-લામત આવી પોહોંચ્યા છો તે જોઇ મને ઘણો હરખ ઉત્પન્ન થયો છે; તમારૂં દીલ થંડું થયલું લાગેછે, હા તેમજ લાગેછે. છોકરા, આ ગ્રહસ્થ ને માટે એક કાફીનો પ્યાલો લાવ; કેમ રસ્તામાં એટલું મોડું શાથી થયું ? પણ નાહી તમે થાકી ગયાછો—હમણા કાંઇ કહેતા ના."

"થાક શાની," વેલેનતાઇને જવાબ દીધો. ગુદમેનનું દીલ તેની તરફ ઘણુંજ ખરૂં અને મયાલુ લાગું પણ પેલા બીજા બેની નજરમાં સુનીસાઈ છે એવું તેને જણાઇ આવ્યું.

"ચાલો, જરા વાઈન લ્યો," ભલા દીલ-નો ગુદમેન બોલ્યો. તે વેલેનતાઇનને જોઇ એટલો ખુશી થતો હતો કે ગોયા તે તેનો પોતાનો પુત્ર હતો. "મારા પ્યારા બેટા, બોદા

તારી તંદરોસ્તીમાં જીઆદતી કરજો," ગુદમેન બોલ્યો. આ શબ્દોથી વાલતર અને હોરેસના દીલમાં અત્યંત દુખ અને કપત ઉત્પન થયું. તેની અસર તેઓએ દાબી રાખી નહી; અને તેટલા માટે, વેલેનતાઈનને ટચકો કરી કાંઇ કહયા પછી તેઓ તેનુ નક્કી કરવા માટે યુકિત રચવા તાંહાંથી બાહાર નિકલ્યા.

"ચાલો ભાઈ," ગુદમેને પેલા બંવે જણના જવા પછી વેલેનતાઈનને કહ્યું, "ચાલો હવે, આજે ગાડીને એટલું બધું મોડું કેમ થયું તે કહી સમજાવાની તસદી લેવો."

વલેનતાઇને તેની તરફ તગોતગ જોયા કીધું, અને હસ્યો. ખરૂં કારણ તેને જાણાવવાને તે પ્રથમતો અચકાયો; પણ આખરે તેનો તે વિચાર ફરી ગયો, અને તે મનસે

બોલ્યો કે તેના હેવાલથી તે ઘરડા પુરૂષને ગમત મલયાવના રેહેશે નહી. આ રવેશનો વિચાર કરયા પછી તે બોલ્યો, "સાહેબ, જે મોડું થયું છે તે માત્ર મારાથી થયું છે."

"અરે પણ મેં તો એવું સાંભલ્યું કે જો તમો ન હતે તો ગાડી મુદ્દલ આવતે નહી," ગુદમેન અચરત થઇ બોલ્યો.

"એ વાતબી ખરી છે," વેલનતાઇને જવાબ દીધો, "પણ આટલુંબી ખરૂં છે કે જો હું નહી હતે તો ગાડી કેટલો વખત અગાઉની વેલાસર આવી પોંહોંચતે."

"એ શું બોલોછો," ગુદમેન અચરત થઇ બોલ્યો. પણ વેલનતાઇને પેહેલ ખાતરી કરી લીધી કે ગુદમેનનું દીલ તેની તરફ ખરૂં જ છે ત્યારે તેણે પોતાનાં સઘલાં કરતુકનો વાસ્તવીક

વૃતાંત કહી સંભલાવ્યો. તે સાંભલતી વખ્ત પેલા જઇફને દીલે કમકમાત ઉપજ્યો.

"અરે, અરે, પ્યારા દીકરા," ગુદમેન બોલ્યો, "સંભાલજો કે આ વાત કોઇ બીજા આગલ કરતા ના. ખબરદાર, ખાનગી રાખજો, સંભાલજો અને મારા બોલ ઇયાદ રાખજો." આટલું બોલ્યા પછી તેને ફરી હસવું આવ્યું અને વેલેનતાઇન પોતાના જઇફ મીત્રની સારી પરોણાગતથી પોતાને મુબારકબાદી આપતો હતો. તેની વાત ઇયાદ કરી તે જઇફ માણસમાં વેલેનતાઇનનાં કરતુકની અસર કેવી થાયછે તે જાણવાની ઇચ્છા ઉત્પન થઇ, તેથી તેણે તાંહાં અને તેજ જગા ઉપર પોતાના કામનો નમુનો દેખાડવાને અરજ કીધી. "પણ સંભાલજે. પ્યારા છોકરા, સંભાલજે," તેને વેલેનતાઇનને ફરીથી ચેતાવ્યો.

"અરે સાહેબ, એ બાબે જરા પણ ફીકર ના રાખો. નચીંત રહો," વેલનતાઇને કહયું.

"છોકરા," વેલનતાઇને પોતાનો સાદ એક અલાહેદી જગા જાંહાં બે શખસો જમતા હતા તાંહાંથી આવતો હોય તેમ નાખીને એક ચાકરને કહયું.

"જી, સાહેબ," છોકરાએ તાંહાં જઈ જવાબ દીધો.

"છોકરા," વેલેનતાઇને સાંમેની બાજુ કે જાંહાં બીજા બે જણ દારૂ પીતા હતા તાંહાંથી આવાજ કાઢયો. છોકરો પોતાની ભુલ થયલી સમજી તે સાંમી તરફ ગયો અને બોલ્યો "કેમ સાહેબ, શું હોકમ?"

"છોકરા," પેહેલાના જેવો ફરી અવાજ કાઢયો.

"જી, સાહેબ," છોકરો પાછો પેહેલા બ આગલ જઇ બોલ્યો, "તમે બોલાવોચ્ચ. સાહેબ ?"

"નહી," એક ગ્રહસ્થ બોલ્યો "અમે કાંઇ બોલાવતા નથી."

"છોકરા," વેલનતાઇન ઓરડાને બી જે છેડે પોતાનો અવાજ નાખી બોલ્યો. તે તરફ બીચારો છોકરો પાછો ગયો.

"અરે, પેલી પોરતવાઇનની બાટલી કાંહાંછે ?" અરધે રસતે સાદ નાખી વેલેન-તાઇન બોલ્યો.

"બેઅદબી માફછે, સાહેબ," છોકરો એક ગ્રહસ્થ તરફ જોઇ બોલ્યો હું ખાત-રીથી કહું છું કે તમે પોરતની બાટલી મં-ગાવોછો.

"ના ભાઇ, હમે કાંઇ પોરત પીતા નથી."

“ છોકરા,” વેલનતાઇને જોરથી બુમ-
પાડી.

“ આવ્યો સાહેબ!” તેટલાજ જોર-
થી છોકરાએ જવાબ દીધો. તે પાછો સાદની
પુઠે ગયો; અને જાંહાં સુધી વેલનતાઇને ક-
ખાંન ખાંચી તાંહાં સુધી સાદની પછવાડે અહીં
તહીં ઢકેલામાં પડયો, જેથી તેનું લોહી ઉકલી
આવ્યું. તે સગડી આગલ ગયો અને ઇંગા-
રનું પજરન પાડયું.

“ જીમ!” વેલનતાઇન સગડીને માં-
યેની ચીમનીમાં ઉંચે સાદ ફૂંકી કહ્યું “છેક
ઉંચે જા હું રોસ્ત કરૂં છું”

“ચુપ!” વેલનતાઇન જીમનો અવાજ
કાઢી બોલ્યો. જીમ અરધો ગુગલાઇ ગયો
હતો. “ચુપ, એટલું મોટે કેમ બોલેછે.”

એ રવેશના સાદ ચીમનીમાંથી નીકલતાં

સાંભલી છોકરો ગભરાયો અને લાગલો અં-ગોઠા ઉપર ચાલી આહેસ્તે રહી બાહાર ગયો અને ધરમસગાવાલાને, તેની બાયડીને, ચાકરડી તથા બીજા નોકરો તેમજ ધરમસરામાં જેટલાં લોકો હતાં તે બધાંને બોલાવી લાંગ્યો જેઓ ઘણી સંભાલથી સધડી આગલ ગયા જયારે વેલિનતાઇને જીમ અને જો વચ્ચે ચીમનીમાં હેઠલ મુજબની મનોરંજક વાત ચલાવી.

"જીમ આ તરફ બલતું ઘણું બલેછે; પણ તાંહાં—તે બમાશે. તારા આખા જન્મારામાં તેં આવું જોર બલતું જોયું હતું? "ચુપરહે જરા, જો. આપણને પરસેવો એટલો થાયછે કે તેથી બલતું હવાઈ જશે."

"હું એવું પુચ્છું છું કે જેમ પેલા છોકરો ઇંગારમાં સલીઓ ભાકી જોર પજરન પાડે છે તેમજ તેના પેતમાં પણ તે ભોકાય."

"એરે એ તો ઉલટું થાય તેની ચરબી તવાયાથી બળતું વધું જોરમાં બળે, અને આપણને દઝારી નાખે."

ધરમસરાવાળો તાંહાં આવ્યો. "હં હવે તમે સપડાયા, લુચ્ચાઓ. સબર કરો, ચુપ થાવો!" તે બોલ્યો.

"તું ચુપ થા!" ગેબી જીમ બોલ્યો.

"ઠીક્કે તમારે જોઇએ ત બોલો," ધરમસરાવાળો બોલ્યો, "પણ હવે તમે લોકો છટકવાના કાંહાંછો. ચાલો નીચે આવો— સંભલાયછે કે?"

કોઇએ કાંઇ જવાબ આપ્યો નહી.

"અહીં આવ જેરી," ધરમસરાવાળો બોલ્યો, જા દોડતો કે સીપઇને બોલાવી લાવ. અને ખરેખર જેરી જેટલી ઝડપ થાય એટલી ઝડપથી દોડતો નીકલીઓ.

"રે ભામતાઓ, નીચે આવો તો સારું," ધરમસરાવાલો બોલ્યો.

"માફકરો, મેરબાન સાહેબ," જેમ બોલતો હોય તેમ વેલેનતાઇને ચીમનીમાંથી સાદ કાઢયો, "તમો તો કાંઇ જબરા સાલેસાઇ અને લાયકીવાલા જણાવો છો.

જો તમો બહાર નહી આવશો તો હું તમને બંદુકે ઉરાડી મુકીશ," ધરમસરાવાલે બોલ્યો.

"પણ દારૂગોલાનું ઠેકાણું કાંહાંછે ગેબી જો બોલતો હોય તેમ વેલેનતાઇને અવાજ કીધો.

સીપાઇ આ વખત અંદર દાખલ થયો, અને તેણે સગડી નજદીક જઇ પોકાર કીધો, "ચાલો જવાન મરદો, ચાલો, મને તમારું કાંઇ કાંમ છે."

"અમારૂં કામછે," એક જનનો સાદ નીકળ્યો.

"પટપટારૂં છોડી દો, અને હેઠળ આવો," સીપઇ બોલ્યો, "નહી તો સીપઇ સાથ ચેરાં કાઢવાનો સવાદ કેવો હોયછે તેતે તમને ખબરજ હશે."

"ખચીત, પણ અમને તે સવાદ માલમ નથી."

"નહી એમ કાંઇ તેઓ ઠેકાંણે આવે નહી," સીપઇ બોલ્યો, "લાવતો એક લાંબી ઝારૂં લાવ તો."

એક ચાકરડી સાવરણી લેવા ગઇ, એ-ટલામાં એક બીજો સીપઇ અંદર દાખલ થયો. તેને પેલા પેહેલા આવેલા સીપઇએ કહ્યું "સ્મીથ, જા અને પેલી ચીમનાને મહાલે ચઢી તાંહાં ઉભો રહે કે તે રસતે કોઇ નાહાસી જાય નહી?"

"કેમ હવે" સીપઈ હાથમાં લાંબા ઝાડ પકડી બોલ્યો, "હવે હેઠલ આવવું હોય તો આવો નહી તો આપો આપ ઉતરવું પડશે।

આ સખુનના જવાબમાં ચીમનીમાંથ ધીકાર ભરેલા હસવાનો અવાજ નીકલ્યો જે થી તે એટલો તો ઉસ્કેરાઇ ગયો કે તાબરતોબ-પેલી લાંબી સાવરણી ચીમનીમાં ખોસી દીધી પણ ખોસે શું કે તાબરતોબ મેંસના ઢગલે ઢગલા તેના મોંહો ઉપર પડયા જેથી તે તદન ગુંગલાઈ ગયો. તે ઉપરા સાપરી છીકવા અને ઠુકવા મંદી ગયો.

"કેમ સાહેબો, હવે શું કહોછો?" ચીમનીને મઠારે ચઢેલો સીપઇ બોલ્યો. "ઉપર ચઢવાનો કે નીચે ઉતરવાનો વીચાર રાખોછો? બોલો કહીદો!"

હેઠલ રહેલો સીપઈ તો દમબદમ છીક

યાજ કરે, છીંકે અને ઠુંકે અને ચીમનીમાં ભરાયલા શખ્સોને સેસ ભણવામાં કાંઈ બાકી નહી રાખે. પાણી મંગાવી મોઢું સાફ કરયા પછી તે બોલ્યો "હવે એ લોકની કમબખ્તી કરૂંછું." મારા હાથમાં આવ્યા તો પછી જોઇજ લેવો કે એમના શા હાલ થાયછે. વારૂં જોઈએ હવે તમો સમજો છો? કેમરે હેઠલ આવોછો કે હવો? ઈમાદ રાખજો કે અમે તમને છોડવાના નથી. આ છેલ્લીવાર કહુંછું કે નીચે ઉતરો?"

"તું કોઇ ઘણો ભલો દેખાય છે, પણ આપણે તો હેઠલબી નહી ને ઉપરબી નહી જવાના," ચીમનીમાંથી કોઇ જવાબ દેતું હોય તેમ વેલેનતાઇને સાદ નાખ્યો.

"ઠીકછે ત્યારે જે વખત જાયછે તેમાં તારી સરકસીને માટે તને સ્વાદ ચાખવો પડશે," સીપઇ બોલ્યો.

આ સખુનના જવાબમાં વલી ચીમની માંથી કોઇના હસવાનો અવાજ નીકળ્યો જે- થી સીપઇ અને બીજા એટલા ચીરડાઇ ગયા કે તેઓએ તે ચીમની બાલીને ભસ્મ કરી નાખવાનો નક્કી ઠરાવ કરયો. પણ તેમ કરવા ને તેનું દીલ ચાલ્યું નહી; સબબ, તે બોધો કે ચીમનીમાં ભરાયલા ચોરો બલી મરે તો તેમની ઉપર કદાચ ખુનનું બોહોતાન આવ્યા વગર રહે નહી.

ચોરને નીચે જીવતો લાવવાને લોકો તરેહવાર ઉપાય સુચવતા હતા, તે મધે એક જણે એવું જણાવ્યું કે શેહેરમાં એક કચરા પતી પાસે ચીમની સાફ કરવાનું યંત્ર હતું કે જેની રૂહે ચીમનીમાં જે કાંઇ ભરાયું હોય તે બાહાર આવેછે. એ ઉપરથી તે કચરાપતીને તેના યંત્ર સાથ બોલાવી લાવ્યા. તેણે આવતાં-

નેવાર પોતાનાં યંત્રની તારીફમાં કાંઇ શબ્દ ઓચરયા. પછી તે યંત્ર ચીમનીને રસ્તે છેક મઠાલે સુધી ચલાવ્યું; તેથી પુષકલ મેશ ઢગલે ઢગ હેઠલ પડી. હવે આ યંત્રમાં એક ગોલ બ્રશ રહેછે તે જ્યારે મઠાલાં સુધી ઉપર ગયુ કે ચીમનીને મઠાલે ચઢી બેઠેલા સીપાઇએ તેને ચોરના બાલ સમજી મજબુત પકડી બા હાર ખેંચ્યું જેથી બ્રશ યંત્રમાંથી બાહાર નીકલી આવ્યું અને તેના બાલ તુટી ગયા. તે જોઈ યંત્રવાલો એવું સમજયો કે ચોર ચીમનીને મઠાલે હતો તેથી તેણે લોકોને જલદીથી ચીમનીને મઠાલે જવા કહ્યું. લોકો જેમ તેમ બરી મુસકેલીએ ચીમનીની છેક ઉપર ચઢયા, પણ થોડાક વારમાં કંટાલી નિ-રાશ થઇ પાછા હેઠલ ઉતરયા. ઉતરતીવેલા કેટલાક તુટી પડયા અને હાઠપગ વગરના થઈ

ગયા. એમ કરતાં સેવટે સરવે કોઇ પોત પો-તાને ઘર તરફ ફરયા અને તાંહાં સીપઇ તથા ધરમસરાનાં માણસો માત્ર રહયાં. તેઓએ એવો ઉપાય કીધો કે ચીમનીનું મોઢું એક જાડાં કનતાનથી ઢાંકી નાખ્યું કે જેથી કરી ચોરો ચીમનીમાં ગુંગલાઇ મરે. પછી આખી રાત સીપાઇઓ ચીમનીને મઠાલે તથા નીચે બેઠી રહયા.

વેલેનતાઇનનો વાલી તેના કરતુક અને પ્રાકરમ તથા બેડાંનું પરીણામ જોઈ મનમાં અત્યંત ગમત મેલવતો હતો. તે હસતો હસતો કંટાલો તથા થાકી ગયો અને વેલેનતાઇન સાથ ગાડીમાં બેઠી ઘર ગયો.

(ભાગ ૧ લો તમામ.)

આરયન દીપક પ્રેસ, ખેતવાડી.